Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.
આત્મ
સં. ૫૪
અંક ૫ મો. તા. ૧૪-૧-૫૦ પોષ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જિન સ્તવન ... ... ... | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૯૫ |
| ૨ | દેવગિરિ અને પેથડશાહ ... ... ... | ( ,, ) | ૯૬ |
| ૩ | સત્શાસ્ત્ર ... ... ... ... ... | ( મુનિરાજશ્રી જિજ્ઞાસુ ) | ૧૦૪ |
| ૪ | ગ્રન્થકારોની પદ્ધતિ–પૂર્વકાલીન પ્રણેતાદિનો નિર્દેશ | (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ.) | ૧૦૫ |
| ૫ | દશમા શ્રી વિશાલ જિન સ્તવન ... ... | ( ડોકટર વલ્લભદાસ નેણસીભાઇ ) | ૧૦૭ |
| ૬ | ધર્મ–કૌશલ્ય ... ... ... ... ... | ( લે. મૌતિક ) | ૧૧૧ |
| ૭ | મુક્તિ જંખના ... ... ... ... ... | ( શ્રીયુત મફતલાલ સંઘવી ) | ૧૧૩ |
| ૮ | સભાના સાહિત્ય પ્રકાશન માટે ઉચ્ચ અભિપ્રાયો... | ( મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ ) | ૧૧૪ |
| ૯ | ગરીબ દુ:ખીઓની સેવા ઇશ્વર પ્રાપ્તિનો સાચો માર્ગ | ( સાક્ષરવર્યશ્રી પુણ્યવિજયજી મ૦ ) | ૧૧૫ |
| ૧૦ | વર્તમાન સમાચારો ... ... ... ... ... | ... | ૧૧૪ |
| | માનપત્રનો મેળાવડો ... ... ... ... ... | ... | ૧૧૪ |
| | આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીને માટે જામનગરમાં શોક સભા અને ભકિત. | (સભા) | ૧૧૬ થી ૧૧૮ |
| | આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના વિહારનું સંઘ ભકિત સહિત વર્ણન | | |
| | જૈન કોનફરન્સનું સત્તરમા અધિવેશનનો નિર્ણય ... ... ... | | |
| | સાભાર સ્વીકાર ... ... ... ... ... | ... | ૧૧૮ |


## આ માસમાં થયેલા માનવંતા પેટ્રન અને લાઇફ મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| ૧ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઇ મ્હેતા | પેટ્રન સાહેબ | ૭ મુનીમજી શિરેમલજી નેમાજી | લાઇફ મેમ્બર |
| | | ૮ શાહ ધરમચંદ ખેતસીભાઇ | ,, |
| ૨ શ્રી બાંખલી જૈન શ્વેતાંબર લાઇબ્રેરી | લાઇફ મેમ્બર | ૯ શાહ અમુલખ વિઠ્ઠલદાસ | ,, |
| ૩ આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિ શાસ્ત્રસંગ્રહ | ,, | ૧૦ શાહ કેશવલાલ દામોદરદાસ | ,, બીજા વર્ગમાંથી |
| ૪ શ્રી વીસલપુર જૈન સંઘ | ,, | ૧૧ શાહ મનસુખલાલ ગુલાબચંદ | ,, ,, |
| ૫ શ્રીમતી મંગળાબ્હેન ફકીરચંદ | ,, | ૧૨ શાહ શાંતિલાલ ઓધવજી | ,, વાર્ષિકમાંથી |
| ૬ શેઠ રામચંદ્ર કસ્તુરજી મુથા | ,, | ૧૩ શાહ ચીમનલાલ રતનચંદ | બીજા વર્ગના લા. |

## આવકારદાયક સમાચાર

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ ધર્મ વિષય લખવા માટેની ) ઇનામી નિબંધની યોજના અને તેજ રીતે દરવર્ષે જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્ય માટે જૈન મુનિમહારાજાઓ જૈન અને જૈનેતર વિદ્વાનો તરફથી આવકારદાયક–પ્રશંસાના તેમજ સહકારના પત્રો મળ્યે જાય છે. આ જૈન ધર્મનો મહાન અખંડ–સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા જે જે મુનિમહારાજાઓ, વિદ્વાનો–વિચારકો, અભ્યાસીઓ વગેરે મહાશયોને વિનંતિ કરી નિબંધ લખવા આમંત્રણ આપ્યા હતા જે આપેલી મુદ્દત સુધી ગુજરાતી–ઈંગ્રેજી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં આવી ગયેલ છે, તેનો નિર્ણય કરવા માટે કમીટીઓ પણ નિમાઇ ગયેલ છે; જેનો સૌથી શ્રેષ્ઠ નિબંધ હશે તેમને આગળ આત્માનંદ પ્રકાશમાં જણાવ્યા પ્રમાણે વેતન આપવામાં આવશે.

**જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન કમિટી.**
( શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A73

નવા માનવંતા પેટ્રન સાહેબ,

સુસંસ્કારી સાહિત્યપ્રેમી :—



ડૉ. શ્રીયુત્ વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી.

એલ. એમ. એન્ડ એસ.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ડૉકટર શ્રીયુત વલ્લભદાસ નેણશીભાઈ એલ. એમ એન્ડ એસ.
# નો જીવન પરિચય.

પૂર્વનો પુણ્યયોગ અને ધર્મારાધન વડેજ પછીના મનુષ્ય ભવમાં વિદ્યા, શિક્ષણ, સંસ્કાર, ઉત્તમકુળમાં જન્મ વગેરે સાંપડે છે. ડૉકટર શ્રી વલ્લભદાસભાઈનો જન્મ સંવત ૧૯૪૩ આસો વદી ૩ના રોજ મોરબી શહેરમાં ધાર્મિક અને સંસ્કારી ગણાતા કુટુંબમાં શ્રી નેણશીભાઈને ત્યાં માતુશ્રી કસ્તુરબાઈની કુક્ષિમાં થયો હતો. પિતા ધર્મનિષ્ટ હતા, તેમ પૂજ્ય માતુશ્રી પણ સરલ સ્વભાવી અને ભદ્રિક આત્મા હતા તેથી તેવા સંસ્કાર વલ્લભદાસભાઈને જન્મથી જ વારસામાં મળ્યા હતા. પિતાશ્રી લખતર સ્ટેટમાં નોકરીને અંગે રહેતા હતા જ્યાં દરમ્યાન એક પણ ઘર તે વખતે મૂર્તિપૂજક જૈનનું ન હતું પરંતુ તેમના પ્રયત્નવડે વીશ, પચ્ચીશ ઘરો મૂર્તિપૂજક જૈનો હાલ ધર્મારાધન યથાશકિત કરી રહેલા છે. શ્રી વલ્લભદાસભાઈ સ્કુલમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કરી ધરમચંદ ઉદયચંદ એજ્યુકેશન ફંડમાંથી સહાય મેળવી સને ૧૯૧૦માં L M & Sની ડોકટરી પરિક્ષા પસાર કરી, સને ૧૯૧૧થી ૧૯૧૮. સુધી મોરબી રાજ્યના ચીફ મેડીકલ ઓફીસર તરીકે સરવીસમાં રહ્યા. ત્યારપછી આઠ વર્ષ વિરમગામમાં ખાનગી પ્રેકટીસ કરી. પછીના વર્ષોમાં (હાલ) મોરબીમાં જ સ્વતંત્રપણે ખાનગી પ્રેકટીસ કરે છે, અને સાધુ, સાધ્વી, મુનિ-મહારાજોની વૈયાવચ્ચ, સારવાર ભક્તિ તરીકે (ફ્રી) કરતા રહે છે જેથી મુનિ મહારાજા વગરેમાં પ્રશંસા પામ્યા છે. ગયા વર્ષમાં ચાતુર્માસ બિરાજમાન શ્રી જયંતવિજયજી મહારાજની છ માસ સુધી અતિપરિશ્રમવડે સારવાર સેવા બજાવેલી હતી. જે અનેક રીતે મનુષ્યજન્મનું સાર્થક કરી રહ્યા છે.

પોતાની જ્ઞાતિમાં તેઓ અગ્રેસર હોઈ ધારા-ધોરણો વગેરે તૈયાર કરવામાં તેમજ જ્ઞાતિના જરૂરીયાતવાળા કુટુંબમાં ગુપ્ત આર્થિક સહાય કરવા સાથે સારવાર પણ હજુસુધી કંઇ પણ લીધા વગર આપ્યા જ કરે છે.

મોરબીનાં દેરાસર, પાઠશાળા વગેરેમાં પણ કાળજી ધરાવતાં, ત્યાંનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આયંબીલ ખાતું તેમનાં શુભ પ્રયત્ને સુમારે ૧૫૦ તીથીઓ પણ નોંધાયેલ છે. જીવદયા ઉપર પ્રેમ હોવાથી ત્યાંની પાંજરાપોળના સેક્રેટરી તરીકેની ફરજ બજાવતાં ત્યાંના ઠાકોર સાહેબની સહાનુભૂતિથી એક લાખ પંદર હજારનો સુંદર ફાળો તેમની મુખ્યતાવડે થઈ શકયો હતો.

રાજ્યમાં સારી પ્રતિષ્ઠા હોવાથી ત્યાંની મ્યુનીસીપાલિટીમાં કેટલોક વખત ચેરમેન તરીકે અને તે પછી જુદા જુદા ખાતા તરફથી રાજ્ય તરફથી નિમાતી દરેક કમીટીઓમાં રહી રાજા પ્રજાને સંતોષ આપી લોકપ્રિય થયા છે. આટલી પ્રવૃત્તિ ચાલુ હોવા છતાં જૈન ધર્મના તત્ત્વજ્ઞાન પર રૂચિ લઘુવયથી જ હોવાથી જૈનદર્શનના અનેક ગ્રંથોનું વાંચન મનન કરતાં જરૂરી નોટ પણ કરતાં અને તેથી જૈન વર્તમાન પત્રોમાં ધાર્મિક લેખો આપવાની પણ પ્રવૃત્તિ શરૂ કરેલ છે, સાથે વૈદકીય ઉપયોગી લેખો પણ મેડીકલ જરનલોમાં પણ આપ્યે જાય છે, તેથી એક વખત અમેરિકાની એક પબ્લીશીંગ કંપનીએ તેમનાં એક લેખની માંગણી કરી હતી, એટલે ડૉકટરી લાઈનના પણ નિષ્ણાત છે; છતાં ધાર્મિક પ્રવૃત્તિ તો નિરંતર ચાલુ જ છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી જવલબેન સંસ્કારી, વ્યવહારકુશલ, ધર્મિષ્ટ હોઈ ડૉકટર શ્રી વલ્લભદાસભાઈના દરેક કાર્યોમાં સહકાર આપી રહ્યાં છે. તેમનાં બે પુત્રો એક વસંતલાલ મોરબીમાં આગેવાન વકીલ છે. જ્યારે નાના પુત્ર મહાસુખલાલ જુનાગઢમાં ખાનગી પ્રેકટીશનર છે. ઘણા તીર્થોની સહકુટુંબ યાત્રાનો લાભ પણ ક્રમેક્રમે લીધો છે–લે છે. આખું કુટુંબ સંસ્કારી, શિક્ષિત અને ધર્મનિષ્ઠ છે. ડૉકટર વલ્લભદાસભાઇ ખાસ સાહિત્ય પ્રિય હોઈ આ સભાના વિવિધ સાહિત્ય પ્રકાશનો અવલોકતાં તેઓશ્રીને સભા માટે અત્યંત પ્રેમ, માન, પ્રગટ થતાં આ સભાના માનવંતા પેટ્રન થવા પત્ર લખવા સાથે જ લવાજમનો ચેક મોકલવાથી આવા એક શિક્ષણ પામેલ સાહિત્ય રસિક, સેવાભાવી બંધુ માટે આ સભાને માન ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. અને તે માટે સભા તેઓશ્રીનો આભાર માને છે અને આવા ધાર્મિક પુરૂષો દિવાસાનુદિવસ પેટ્રન પદો સ્વીકારી સભાના ગૌરવ, પ્રતિષ્ટામાં વૃદ્ધિ કરે છે જે માટે આ સભા પોતાનો આનંદ પણ જાહેર કરે છે. છેવટે ડૉકટર વલ્લભદાસભાઇ વધારે સાહિત્ય, સેવાભાવી બને અને તેઓ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક સંપત્તિ વિશેષ વિશેષ મેળવે સાથે દીર્ઘાયુ થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. પોસ પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪ મી જાન્યુઆરી ૧૯૫૦ :: અંક ૫ મો.

## सामान्य जिन स्तवन.

( રાગ—ઓ દૂર જાનેવાલે. )

ઓ જિન ! મુઝે બચાલે,
સેવક ન ભૂલ જાના, સેવક ન ભૂલ જાના;
છાયા હૈ ઘોર અંધેરા, જ્યોતિ મુઝે દિખાના. ( ૨ ) ઓ જિન૦ ૧

ભવ રાનમેં ભૂલા હૂં, મોહ પાશસે છુડાના;
આયા મૈં દ્વાર તેરે, શિવ પંથકો બતાના. ( ૨ ) ઓ જિન૦ ૨

સાગર બડા અમારા, નૈયા ડૂબી રહી હૈ;
સમરું મૈં નામ તેરા, નૈયા મેરી તરાના. ( ૨ ) ઓ જિન૦ ૩

ગુણો અનંત તેરે, ખૂટે નહીં ખજાના;
એક અંશ સ્વામી દે કે, સેવક સુખી કરાના. ( ૨ ) ઓ જિન૦ ૪

કરુણાનિધિ હો સ્વામી ! ભવ દુઃખકો હરાના;
વિનવું મૈં શિર નામી, જંબૂકો ઝટ તરાના. ( ૨ ) ઓ જિન૦ ૫

મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવગિરિ.

( ગતાંક પૃ. ૫૬ થી ચાલુ. )

## દેવગિરિ અને પેથડશાહ.

માંડવગઢના મંત્રીશ્વર મહાન ધર્માત્મા પેથડકુમારના નામથી જૈન જનતામાં કોણ અજાણ્યું છે ? તપાગચ્છાધિપતિ શ્રી સોમતિલકસૂરિમહારાજે[1] પેથડશાહે ભારતવર્ષના ભિન્ન ભિન્ન સ્થળોએ બંધાવેલા ૭૮ જિનપ્રાસાદ, તેના મૂલનાયક તથા પેથડકુમારની ધાર્મિકતાનું વર્ણન કરતું ૧૬ શ્લોકનું સ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્રને તેમના શિષ્ય શ્રી સોમસુંદરસૂરિ મ. ના શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિએ **ગુર્વાવલી**માં ( રચના સં. ૧૪૬૬; યશોવિ. ગ્રં. પ્રકાશિત ) ( પૃ. ૧૮-૨૦ ) ઉદ્ધૃત કર્યું છે. તેમાં જણાવ્યું છે કે-પેથડશાહે દેવગિરિમાં જિનપ્રાસાદ બંધાવીને તેમાં **વીર**પ્રભુની સ્થાપના કરી હતી, પરંતુ આ પ્રાસાદ કેવી કુશળતાથી બંધાવ્યો હતો અને કેવો સુંદર હતો એ સંબંધી વિસ્તૃત વર્ણન સુકૃતસાગર મહાકાવ્યમાં છે, જે સંક્ષેપમાં નીચે મુજબ છે.

*" પેથડકુમારે માંડવગઢ, શત્રુંજય આદિ સ્થાનોમાં ૮૪ જિનપ્રાસાદો બંધાવ્યા હતા. તે પૈકી દેવગિરિમાં એક દિવ્ય પ્રાસાદ જે રીતે બંધાવ્યો હતો તે જાણવા યોગ્ય છે. "

મદઝરતા હાથીઓના સુગંધી-મદથી મહમહતા જેના દરવાજા છે અને ઘણું સુવર્ણ હોવાથી જેનું સાર્થક નામ છે ( દેવગિરિ-મેરુ-સુવર્ણગિરિ, આ પર્યાયો છે ) એવું દેવગિરિ નામનું નગર છે. આ નગર સુંદર પ્રાકાર( કિલ્લો ), ખાઇ અને આરામોથી સુશોભિત છે. આમાં રામ નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા પાસે શત્રુઓને ત્રાસ પમાડનારાં ૧૨૦૦૦ યુદ્ધવાદ્ય હતાં. ( ૧ ) બે મોતી, ( ૨ ) ચિત્તને ચોરનારી સ્ત્રી, ( ૩ ) કષ્ટભંજન ઘોડો, અને ( ૪ ) બાવના [2]ચંદન-આ ચાર અમૂલ્ય વસ્તુઓ હતી; તથા ૧૨૦૦૦

---

૧ શ્રી સોમતિલકસૂરિ મહારાજનો જીવનકાળ સં. ૧૩૫૫ થી સં. ૧૪૨૪ છે. જુઓ ઉ૦ ધર્મસાગરજીકૃત તપાગચ્છ પટ્ટાવલી. દીક્ષા સં. ૧૩૬૯ અને સૂરિપદ સં. ૧૩૭૩ માં છે.

૨ ગ્રંથકારે આ સ્થળે ' બાવના ચંદન ' શબ્દનું સંસ્કૃતીકરણ કરીને **द्विपञ्चाशं चन्दनम्** શબ્દ વાપર્યો છે. [ **સુ૦ સા૦ ૨ । ५६** ]. સુકૃતસાગર મહાકાવ્યના કર્તા, તેમના સમય આદિ સંબંધમાં ગયા અંકના પૃ. ૫૨, માં કહેવાઇ ગયું છે.

અહીં એક હકીકત ખાસ વિચારવા લાયક છે:—

સંસ્કૃતભાષામાં કોઇ પણ સ્થળે ' **બાવનાચંદન** ' શબ્દ જોવામાં આવતો નથી. ગુજરાતી ભાષાનાં સ્તવન-સજ્ઝાયો-પૂજાઓ આદિમાં જ હજુ સુધી એ શબ્દ જોવામાં આવ્યો છે. અહીં સુકૃત-

* આ સભા તરફથી આ ચરિત્ર છપાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથીઓ, ૮૦૦૦૦ ઘોડા, અને છપ્પન ક્રોડ સોનૈયા આટલો વૈભવ હતો. તેને હેમાદિ નામનો

સાગરના કર્તાએ **द्विपञ्चाशं चन्दनम्** શબ્દનો જો કે ઉપયોગ કર્યો છે, પરંતુ એ કંઇ વાસ્તવિક સંસ્કૃત શબ્દ નથી. લોકભાષામાં ચાલતા **બાવના** ( અથવા 'બાવન' ) શબ્દનું સંસ્કૃતરૂપ આપવા માટે ગ્રંથકારે **द्विपञ्चाशं** શબ્દનો ઉપયોગ કર્યો છે પણ વસ્તુતઃ તો **द्विपञ्चाशं** શબ્દનો અર્થ 'બાવનમું ( ૫૨ મું )' એવો થાય છે. સુકૃતસાગરના કર્તાએ આવા તો અનેક લોકભાષામાં ચાલતા શબ્દોને સંસ્કૃતમાં યત્કિંચિત્ રૂપાંતર કરીને ગોઠવી દીધા છે.

ઉપાધ્યાય શ્રીમદ્ **વિનયવિજયજી** મહારાજે **શ્રીપાલરાસ**ની રચના કરી છે, પણ તેનો પાછલો ભાગ વિનયવિજયજી મહારાજ સ્વર્ગસ્થ થવાથી પાછળથી ઉપાધ્યાયશ્રી **યશોવિજયજી** મહારાજે **પૂર્ણ** કર્યો છે. શ્રીપાળરાસના ચોથા ખંડમાં **૧૧** મી તથા **૧૨** મી, ઢાળમાં અરિહંતાદિક નવપદોનાં સ્વરૂપ અને મહત્ત્વ વર્ણવતી ગાથાઓ છે. અત્યારે જેને પૂ૦ ઉપાધ્યાયશ્રી **યશોવિજયજી મહારાજકૃત નવપદની પૂજાઓ** કહેવામાં આવે છે તે વસ્તુતઃ આ શ્રીપાલરાસના નવપદવર્ણન સંબંધી પદો, શ્રીજ્ઞાનવિમલસૂરિ ( સમય સં. ૧૬૯૪ થી ૧૭૮૨ )-વિરચિત પદો તથા પ્રસિદ્ધ આધ્યાત્મિક શ્રી દેવચંદ્રજીએ ( સમય. સં. ૧૭૪૬ થી ૧૮૧૨ ) રચેલાં પદોનો એકત્ર કરેલો સંગ્રહ છે. આમાં ઉપાધ્યાયપદના વર્ણનમાં નીચેની કડી આવે છે.

> " બાવના ચંદન રસસમ વયણે, અહિતતાપ સવિ ટાળે,
> તે ઉવજ્ઝાય નમીજે જે વલી, જિનશાસન અજુવાલે રે. ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. "

બૃહદ્ગચ્છના શ્રીવજ્રસેનસૂરિના શિષ્યશ્રી હેમતિલકસૂરિના શિષ્ય શ્રી રત્નશેખરસૂરિએ વિક્રમની ૧૫, મી સદીના પ્રારંભમાં **સિરિસિરિવાલકહા**—શ્રી શ્રીપાલકથાની રચના કરી છે. તેમાં **૧૨૦૫**, થી **૧૩૩૫** સુધીની બધી ગાથાઓ નવપદોના વર્ણનમાં જ છે. ઉપા૦શ્રી યશોવિજયજી મહારાજની શ્રીપાલ રાસમાંની નવપદવર્ણન સંબંધી ઘણીખરી ગાથાઓ આ **સિરિસિરિવાલ કહાની** ગાથાઓને મળતી જ છે, અથવા તો તેના ગુજરાતી અનુવાદ રૂપે છે તેથી તેમાં **બાવનાચંદન રસસમ વયણે૦૦૦** ગાથાનું મૂલ તપાસતાં નીચે મુજબ પ્રાકૃત ગાથા જોવામાં આવે છે.—

> **बावन्नवण्णचंदणरसेण जे लोयपावतावाइं ।**
> **उवसामयंति सहसा तेऽहं झाएमि उवज्झाए ॥ १२५२ ॥**

અર્થ—બાવનવર્ણરૂપી ચંદનના રસથી જે એકદમ લોકોના પાપરૂપી તાપને શાંત કરે છે તે ઉપાધ્યાયનું હું ધ્યાન કરું છું.

આ જોતાં એમ જણાય છે કે **સિરિસિરિવાલકહા**ના કર્તાએ अ, आ, इ, ई, વગેરે વ્યાકરણ પ્રસિદ્ધ ૫૨, બાવન અક્ષરોની બારાખડી( મૂલાક્ષર )થી બનેલાં શાસ્ત્રોરૂપી ચંદનરસની વિવિક્ષા કરી છે, કારણ કે સૂત્રો ભણાવવાં એ ઉપાધ્યાયજીનું કર્તવ્ય છે. અને સૂત્રો અક્ષરોના સંયોગથી બનેલાં છે. આ સ્થળે પૂ૦ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે થોડું શબ્દપરિવર્તન કરીને લોકભાષામાં પ્રચલિત **બાવનાચંદન** શબ્દ દાખલ કર્યો છે.

એટલે **બાવનાચંદન**માં '**બાવના**' શબ્દ કઇ ભાષાનો છે, અને તેનો સાહિત્યમાં વપરાશ ક્યારથી શરૂ થયો છે, તથા બાવનાચંદનનું સ્વરૂપ કેવું છે, તે વિષે પ્રકાશ પાડવા તેના જ્ઞાતાઓને વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રી હતો. તે નગરીમાં બ્રાહ્મણોનું એકછત્ર સામ્રાજ્ય હોવાને લીધે જૈનચૈત્ય કરાવનારાઓને બલથી અટકાવતા હતા. આ વાત સાંભળીને પેથડકુમારે વિચાર કર્યો કે-' આ નગરી તો ઇંદ્રપુરી જેવી છે, પણ મિથ્યાત્વરૂપી અંધકારથી વ્યાપ્ત છે. જો ત્યાં જિનપ્રાસાદરૂપી દીપક પ્રગટાવવામાં આવે તો ઘણો લાભ થાય, અને જિનશાસનની પ્રભાવના થાય.' સાથે એ પણ વિચાર કર્યો કે—' જ્યાંસુધી રાજાના [1]મંત્રી હેમાદ્રિને પ્રસન્ન કરવામાં ન આવે ત્યાં સુધી ગમે તેટલા સુવર્ણ-રત્નાદિના ભેટણાંઓથી રાજાને પ્રસન્ન કરવાનું શકય નથી.' આથી હેમાદ્રિને પ્રસન્ન કરવાની એક યુક્તિ શોધી કાઢી.

---

૧ આ હેમાદ્રિ તે ગતાંક પૃ. ૫૧માં ટિપ્પણમાં દેવગિરિના યાદવવંશીય મહાદેવ અને રામદેવ રાજાના પ્રધાનરૂપે જે હેમાદ્રિની વાત જણાવી તે જ છે. હેમાદ્રિ રાજ્યધુરંધર, વિદ્વાન, ચુસ્તવૈદિક અને કલાજ્ઞ હતો. તેના વખતમાં દેવગિરિ વિદ્યા અને સમૃદ્ધિ બંનેનું મોટું ધામ થઇ પડયું હતું. પંડિત બોપદેવ હેમાદ્રિનો જ આશ્રિત અથવા સહચર હતો. બોપદેવે હેમાદ્રિના કથનથી ભાગવતપુરાણનું તાત્પર્ય વર્ણવતો મુક્તાફલ નામનો ગ્રંથ રચ્યો છે. અને તેની ટીકા હેમાદ્રિના નામ ઉપર ચડેલી છે. આમાં હેમાદ્રિ જણાવે છે કે બોપદેવે વ્યાકરણ ઉપર ૧૦, વૈદ્યક ઉપર ૯, જ્યોતિષ ઉપર ૧, સાહિત્ય ઉપર ૩, ભાગવત ઉપર ૩, એમ ૨૬ ગ્રંથોની રચના કરી છે. હેમાદ્રિ અને બોપદેવની જોડીને ગુરુ-શુક્રની પણ ઉપમા આપવામાં આવે છે.

હજુ પણ મહારાષ્ટ્રમાં હેમાદ્રિની ઘણી પ્રસિદ્ધિ છે. સામાન્ય રીતે તેને **હેમાડપંત**ના નામથી ઓળખવામાં આવે છે. **પંત** મરાઠી ભાષામાં રાજ્યના મુખ્ય મંત્રી માટે વપરાતો માનવંતો શબ્દ છે. આજે પણ મહારાષ્ટ્રીય લોકો રાજ્યના મુખ્ય પ્રધાનને **પંતપ્રધાન** કહે છે. મહારાષ્ટ્રમાં એક વિશિષ્ટ પ્રકારની બાંધણીના દેવળો જોવામાં આવે છે કે જે **હેમાડપંતી દેવળ**ના નામથી ઓળખાય છે. હેમાડપંતે આ મંદિરો બંધાવેલાં છે અથવા તો તેણે શોધી કાઢેલી કળાને અનુસરીને બાંધવામાં આવ્યાં છે, એમ કહેવાય છે. એમ કહે છે કે આ હેમાડપંતી બાંધણીમાં બીલકુલ ચુના, માટી કે ઇંટનો ઉપયોગ કરવામાં આવતો નથી. પણ મોટી મોટી પાંચ પાંચ દશ દશ હાથની પથ્થરની શિલાઓને પરસ્પર એવી ખૂબીથી જોડી દેવામાં આવે છે કે જરાપણ પથ્થર હાલેચાલે નહીં. આ જાતનાં અનેક મંદિરો અત્યારે પણ મહારાષ્ટ્રમાં મોજૂદ છે અને લગભગ બધા એક જ પદ્ધતિનાં દેખાય છે.

બીજું, મહારાષ્ટ્રમાં એક **મોડી** નામની લિપિ પ્રચલિત છે. જલદી લખવા માટે વેપારી આદિ ઘણા લોકો આ લિપિનો ઉપયોગ કરે છે, અને શાળામાં પણ શીખવવામાં આવે છે. એમ કહેવાય છે કે આ લિપિને હેમાડપંતે જ પ્રથમ શરૂ કરી છે. એમ પણ કહેવામાં આવે છે કે તે આ લિપિ લંકામાંથી લાવ્યો હતો.

આથી આવું મુખ્ય સ્થાન ધરાવતા હેમાદ્રિને પહેલાં પ્રસન્ન કરવાનું પેથડકુમાર વિચારે એ સર્વથા સંગત છે.

હેમાદ્રિના સંબંધમાં વિસ્તારથી માહિતી આપનું **हेमाद्रि उर्फ हेमाडपंत यांचे चरित्र** એ નામનું **केशव अप्पा पाध्ये**એ (એડવોકેટ, મુંબઇ હાઇકોર્ટ) મરાઠી ભાષામાં લખેલું પુસ્તક પ્રસિદ્ધ થયું છે અને તે **न्यु भटवाडी, गिरगांव, मुंबइ न. ४**—અહીંથી મળી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓંકારનગર કે જે વૈદિકોનું મોટું નર્મદાના ઉત્તર કિનારે આવેલું તીર્થધામ છે ત્યાં એક સત્રાગાર–દાનશાળાની શરૂઆત કરી. અને તેમાં યાત્રાર્થે આવતા પ્રવાસીઓનું ઉત્તમ ભોજન–પાન–સ્નાનાદિથી સ્વાગત કરવામાં આવતું હતું. દાનશાળા પાસે એક જિનાલય બંધાવ્યું હતું. પહેલાં પ્રવાસીઓ ત્યાં જઇને જિનપ્રતિમાને પ્રણામ કરીને પછી દાનશાળામાં આવતા હતા. એટલે સાધર્મિકબંધુ થયેલા તેમનું ઉત્તમ સ્વાગત કરવામાં આવતું હતું. જાતજાતનાં પકવાન, ખાંડથી ભરપૂર માંડા, અખંડ ઉજ્વલ ભાત, પીળી દાળ, નાકથી પીવા જેવું ઘી, જાતજાતનાં શાક, પિત્તશામક કરંબો, ચીકાશવાળું દહીં તથા લવિંગથી સુવાસિત પાણી આ બધું ભોજનમાં અપાતું હતું. ભોજન કર્યા પછી કપૂર અને સોપારી યુક્ત નાગરવેલનાં પાન આપવામાં આવતાં હતાં. ત્યારબાદ સૂવા માટે દિવ્ય ખાટલા આપવામાં આવતા હતા. આ બધાથી પ્રવાસીઓ એટલા બધા આનંદિત થતા હતા કે તેમને પોતાનું ઘર પણ યાદ આવતું ન હતું. જ્યારે તેઓ પૂછતા કે આ સત્રાગાર કોના તરફથી ચાલે છે ત્યારે પેથડશાહે ત્યાં રાખેલા માણસો કહેતા હતા કે દેવગિરિના મંત્રી હેમાદ્રિ આ દાનશાળા ચલાવે છે. આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી પેથડશાહે દાનશાળા ચલાવી.

આ પ્રવાસીઓમાંથી જે કોઇ ભાટ આદિ લોકો દેવગિરિમાં જતા હતા તે ત્યાં હેમાદ્રિની ખૂબ આદરથી સ્તુતિ કરતા હતા કે—'મંત્રીશ્વર! [1]ઓંકારનગરરૂપી ક્યારામાં દાનશાળારૂપી બીજમાંથી ઊગેલી તમારી અસાધારણ કીર્તિરૂપી વેલડી આજે બ્રહ્માંડ ઉપર ચડી રહી છે.' પ્રારંભમાં તો હેમાદ્રીએ આ વાત સાચી ન માની. પણ જ્યારે લાગલગાટ આ વાત સાંભળવામાં આવી ત્યારે તેના મનમાં થયું કે એકાદ માણસ બોલે તો ખોટું મનાય, પણ જ્યારે બધા એક જ જાતની વાત કરે છે ત્યારે છે શું? મેં યાચકોને આખી

---

૧ ઓંકાર અને માંધાતા આ બે ગામો નર્મદાના ઉત્તર–દક્ષિણ કિનારે સામસામાં આવેલાં છે અને તે ખંડવાની ઉત્તરે લગભગ ૨૨ ૧૦ ઉત્તર અક્ષાંશ અને ૭૬ ૪૫ પૂર્વરેખાંશ ઉપર છે. અત્યારે પણ આ હિંદુઓનું મોટું તીર્થધામ છે અને **ઓંકાર-માંધાતા** એવા જોડીઆ નામથી ઓળખાય છે. **ઓંકારેશ્વર** પણ કહે છે અને તે **મધ્યપ્રાંત** ( C. P. ) ના વહીવટ નીચે નીમાડ જીલ્લામાં છે.

શ્રી મુનિસુંદરસૂરિજીએ ગુર્વાવલીમાં ઉધ્ધૃત કરેલા શ્રી સોમતિલકસૂરિકૃત સ્તોત્રમાં જણાવ્યું છે કે **ओङ्कारेऽद्भुततोरणं जिनगृहं मान्धातरि त्रिक्षणम्** ॥ १५ ॥–પેથડશાહે ઓંકારપુરમાં અદ્દભુત તોરણવાળું જિનમંદિર તથા **માંધાતામાં** ત્રિક્ષણ (–?) જિનમંદિર બંધાવ્યું હતું. સુકૃતસાગરમાં પણ જણાવ્યું છે કે—ઓંકારપુરમાં તથા માંધાતૃમૂલમાં ("માંધાતાના મૂલમાં" શું ટેકરી જેવું કંઇ હશે કે 'મૂલ' શબ્દ અહીં વાપર્યો છે???) પેથડશાહે જિનમંદિર બંધાવ્યું હતું.

પં. લાલચંદભાઇ ભગવાનદાસે તેમના "જિનપ્રભસૂરિ અને સુલતાન મહમ્મદ" નામના પુસ્તકમાં પૃ. ૮૬ માં લખ્યું છે કે—"પુરાણપ્રખ્યાત 'ઓંકાર–માંધાતા' સંબંધી એક પરિચય લેખ 'વાણી' હિંદી પત્રિકાના વિ. સં. ૧૯૯૧ ના 'નીમાડ' ૨ અંકમાં છે" સાથે સાથે એ પણ જણાવ્યું છે કે—"હાલમાં અહિં તે શ્વે૦ જૈનમંદિરોનાં દર્શન થતા નથી. પરંતુ અર્વાચીન દિગંબર જૈન મંદિર ઓંકારજીમાં 'સિદ્ધવરકૂટ' સિદ્ધક્ષેત્રના નામથી ઓળખાવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિંદગીમાં ગાળો સિવાય કંઇ આપ્યું નથી. પછી દાનશાળા ચલાવવાની કેવી વાત? આમ વિચારી તપાસ કરવા પોતાનો એક માણસ ઓંકારપુરમાં મોકલ્યો. આ માણસે ત્યાં જઇ આવીને કહ્યું કે-મંત્રીશ્વર, તમે દાનશાળામાં અત્યારસુધીમાં દ્રમ્મ તો સવાક્રોડ જ ખર્ચ્યા છે પરંતુ યશ અને પુણ્ય એટલાં બધાં મેળવ્યાં છે કે કરોડો કલ્પ-યુગ સુધી ચાલે. હેમાદ્રિ આ સાંભળીને બહુ ખુશી થયો અને જાતે ઓંકારપુરમાં જઇને તપાસ કરી તો ખબર પડી કે માંડવગઢના મંત્રી પેથડકુમાર આ દાનશાળાનો ખર્ચ ઉઠાવી રહ્યો છે, પણ નામ મારું આપ્યું છે. હેમાદ્રિ આશ્ચર્યચકિત અને આનંદપુલકિત થઇને સ્તુતિ કરવા લાગ્યો કે ધન્ય તે પુણ્યવાન સ્ત્રીની કુક્ષિને કે જેણે આવા પુત્રરત્નને જન્મ આપ્યો છે. પરધનથી સ્વકીર્તિ મેળવવા ઇચ્છનારા ઘણા હોય છે, પરંતુ સ્વધનથી પારકાની કીર્તિ ફેલાવનારો તો એક પેથડકુમાર જ છે.

હેમાદ્રિ ત્યાંથી નીકળી માંડવગઢ જઇ પેથડકુમારને મળ્યો. ઉપકારના ગુરુતર ભારથી દબાયેલા તેણે પૂછયું કે-મારા નામે આપે દાનશાળા કેમ ચલાવી છે? કૃપા કરીને જે કંઇ યોગ્ય કાર્ય હોય તે કહો. હેમાદ્રિનો અતિઆગ્રહ જોઇ પેથડકુમારે કહ્યું કે દેવગિરિમાં જિનાલયને યોગ્ય વિશાળ ભૂમિની મારે જરૂર છે, તો તે આપો. બ્રાહ્મણોની ઉદ્ધતાઇથી કાર્ય દુષ્કર સમજવા છતાં હેમાદ્રિએ એ વાતનો સ્વીકાર કર્યો, અને પેથડશાહને સાથે લઇને દેવગિરિ આવ્યો. પેથડકુમારને એક સુંદર હવેલીમાં ઉતારો આપીને, રાજા પાસે ચૈત્ય માટે ભૂમિની માગણી કરવા માટે હેમાદ્રિ યોગ્ય અવસરની રાહ જોવા લાગ્યો.

એક વખત હેમાદ્રિની [1]અશ્વપરીક્ષાથી પ્રસન્ન થયેલા રાજાએ હેમાદ્રિને ઇચ્છિત માગવા કહ્યું. અવસર આવ્યો જાણી હેમાદ્રિએ કહ્યું કે-મારા એક બંધુને ચૈત્ય બંધાવવા માટે ઇચ્છિતસ્થાને યોગ્ય ભૂમિ જોઇએ છે, તો તે આપો. રાજાએ કહ્યું કે-બ્રાહ્મણોની અપ્રીતિ છે, છતાં હું જમીન આપીશ. પરંતુ તે તમારા બંધુ કોણ છે અને કયાં વસે છે? હેમાદ્રિએ ઉત્તર આપ્યો કે-માલવદેશનો રાજા જયસિંહ નામનો રાજા છે, પરંતુ માત્ર છત્ર અને ચામર વિનાનો ખરો રાજા તો તેના મંત્રી પેથડકુમાર છે. તે મારો માનેલો બંધુ છે. જ્યારે કાલે સવારમાં તે આપને પ્રણામ કરવા આવે ત્યારે તેનું માલવપતિ-યોગ્ય સન્માન કરજો.

બીજે દિવસે રાજા સમગ્ર-પરિષદ સાથે રાજસભામાં બેઠો છે ત્યારે પેથડકુમાર સોનામહોરોથી ભરેલા થાળ ઉપર નાળિયેર મૂકીને ભેટણાંરૂપે લઇને રાજસભામાં આવ્યા. રાજાએ એકદમ ઊભા થઈ, આલિંગન કરી, આસન ઉપર બેસાડી, સ્વાગતાદિ પૂછીને પછી શ્રીફળ લઇને બાકીનું ભેટણું પાછું આપ્યું. ત્યાંથી ઊઠીને નગરમાં જઇ ચૌટામાં જે ભૂમિની પેથડકુમારે માગણી કરી તે ભૂમિ બ્રાહ્મણોનું મન દુઃખાવા છતાં રાજાએ આપી.

૧ પહેલાં જે રાજ્યનાં ચાર રત્નોમાં કષ્ટભંજન અશ્વની વાત આવી ગઇ તે જ આ અશ્વ છે. હેમાદ્રિએ જ આ અશ્વને લક્ષણવંત જાણી રાજાને ખરીદવા કહ્યું હતું. આ અશ્વ મોટા મોટા પાણીના પ્રવાહોને કૂદકો મારી ઓળંગી જતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિ એટલી બધી વિશાળ હતી કે સાત શ્રીમંતોની હવેલી બંધાય તેટલી જગ્યા હતી. આ ભૂમિમાં રહેલ દુકાન-ઘર વગેરે પાડી નાંખીને ચૈત્ય માટે ત્રણ વાસ ઊંડો પાયો ખોદાવ્યો.

પાયો ખોદાવતાં આખા નગરમાં નહોતું એવું અપૂર્વ સ્વાદિષ્ટ પાણી નીકળ્યું. તે જાણતાં જ ઈર્ષ્યાખોર બ્રાહ્મણો રાજા પાસે પહોંચી ગયા અને કહ્યું કે આ ભૂમિ ચૈત્ય માટે નહીં, પણ વાવ માટે જ યોગ્ય છે. અઢારે વર્ણના તૃષાતુર લોકો પાણી પીને તરસ છીપાવશે તેમાં અપાર લાભ થશે. કાચા કાનના રાજાનું ચિત્ત પણ ડોલી ઊઠયું અને કહ્યું કે-' આવતી કાલે જાતે આવીને હું જોઈશ, અને મીઠું પાણી હશે તો વાવ જ બંધાવીશું.'

રાજાનો એક નાવિ ( હજામ ) હંમેશાં પેથડશાહને ત્યાં આવતો હતો અને પેથડશાહે તેને સંતુષ્ટ કરી રાખેલો હતો. તેણે બધી હકીકત પેથડશાહને જણાવી દીધી. બરાબર આજ અવસરે ગામ બહાર મીઠાથી ભરેલ [1]બાલદિ આવ્યાની પેથડશાહને ખબર પડી. દ્વારપાળને ધન આપીને રાતોરાત મીઠાથી ભરેલા પોઠિયા નગરમાં દાખલ કરાવી દઈને બધું મીઠું પાયામાં નંખાવીને પાણીને ખારું ખારું કરી નાખ્યું. બીજે દિવસે રાજાએ આવીને જોયું તો બધું ખારું જ પાણી એટલે બ્રાહ્મણો ઉપર ગુસ્સે થઈને અને પેથડશાહનું સન્માન કરીને રાજા સ્વસ્થાને ચાલ્યો ગયો ભૂમિ મળવાથી પેથડશાહ પણ નિશ્ચિંત થયા.

સિદ્ધરાજે સિદ્ધપુરમાં રૂદ્રમહાલય ( રૂદ્રમાળ ) બંધાવ્યા પછી ' તેનો કારીગર બીજું કોઈ સુંદર સ્થાપત્ય ન બાંધે ' એ હેતુથી તેને અંધ કરી નાખ્યો હતો. તેણે પ્રતિજ્ઞા કરી હતી કે રૂદ્રમાળથી પણ સુંદર જિનપ્રાસાદ બાંધવો. પણ બંધાવનારના અભાવે પ્રતિજ્ઞા સફળ થઈ ન હતી. છેવટે તેની પાંચમી પેઢીએ **રત્નાકર** નામનો કારીગર થયો. પ્રતિજ્ઞા પેઢીમાં ચાલી જ આવતી હતી. તે ફરતો ફરતો આ અવસરે દેવગિરિમાં આવી ચડ્યો હતો. પેથડશાહને મળ્યો અને તેની પાસે જ જિનપ્રાસાદ બંધાવવાનું નક્કી થયું.

પછી પેથડશાહે માંડવગઢ જઈ ત્યાંથી **૩૨** સાંઢણી ભરીને સોનું મોકલી આપ્યું. દશ હજાર તો ઇંટ પકાવવાના નીભાડા કરવામાં આવ્યા હતા. અને પ્રત્યેકમાં દશ હજાર ઈંટો તૈયાર થતી હતી. ચૈત્ય માટે ખોદેલાં ત્રણ વાંસ ઊંડા પાયાના પથ્થરના સાંધાઓમાં અનુક્રમે પાંચશેર, દશ શેર અને પંદર શેર લોઢાની પાદુકાઓ હતી. ૧૪૪ સ્થિર-વાળા તે પ્રાસાદમાં [2]૧૯( ૩૯ )? ગજ લાંબી કેટલીયે પથ્થરની પાટો હતી. ઈંટો ચડાવવાની પાટને લાવતાં વચમાં રહેલા કિલ્લાથી વિઘ્ન થાય છે એમ જાણીને મહા-

૧ ઉપદેશતરંગિણીમાં પૃ. **૧૧૯** માં આ સંબંધમાં "**तद्दिनागतबहिःस्थबालदिमध्यात् कियल्लवणमानाय्य**-તે દિવસે આવેલ બહાર રહેલ બાલદિમાંથી કેટલુંક મીઠું મંગાવીને" એવો ઉલ્લેખ છે. એ જોતાં **બાલદિનો બલદગાડી** એવો અર્થ સંભવિત છે.

૨ સુકૃતસાગરમાં આ સ્થળે **जगदङ्कगजायामाः** શબ્દ છે. **अङ्क** શબ્દથી **૯** નો આંક લેવાનો છે **जगत्** શબ્દથી સામાન્ય રીતે એક લઈએ તો ' ૧૯ ગજ લાંબી ' એવો અર્થ થાય. અને જગત ત્રણ હોવાથી ૩ની વિવક્ષા લઈએ તો ' ૩૯ ગજ લાંબી ' એવો અર્થ નીકળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહસિક પેથડશાહે ત્યાં આવીને રાતમાં જ કિલ્લાનો તેટલો ભાગ પડાવી નાખીને પાટ અંદર દાખલ કરીને રાતમાં જ પાછો કિલ્લો સજ્જ કરી નાખ્યો હતો. [1]૮૪ સામાન્ય ચૈત્યો થઇ શકે એટલો મોટો મંદિરનો ઘાટ હતો. ([2]૮૪ હજાર ટંકનાં દોરડાં તૂટ્યાં હતાં. અને કર્મસ્થાય-કારીગરોને કામ કરવાનાં સ્થળમાં એક લાખ ટંકના દીવા બળ્યા હતા. ઉદાર પેથડશાહે ખર્ચના ચોપડાને પાણીમાં નાંખી દીધો તેથી લોકોમાં ચૈત્યની ' અમૂલ્યવિહાર ' તરીકે પ્રસિદ્ધિ થઇ હતી.)

૮૩ આંગળ પ્રમાણની શ્રી વીરપ્રભુની આરસપાણની મૂર્તિ ભરાવીને ચૈત્યમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પુતળીઓ અને બીજી અનુપમ આકૃતિઓથી તે ઉત્તુંગ

૧ મુદ્રિત સંસ્કૃત સુકૃતસાગરના મૂલમાં ૮૪ સામાન્ય ચૈત્યો થઇ શકે તેવા ઘાટવાળી વાત નથી, પરંતુ ટિપ્પણમાં પાઠાંતરરૂપે જણાવી છે.

૨ ( ) આવા કૌંસમાં આપેલી હકીકતવાળા શ્લોક મુદ્રિત સંસ્કૃત સુકૃતસાગરમાં બીલકુલ નથી. પરંતુ પં. **લાલચંદભાઇ ભગવાનદાસ ગાંધી** (જૈન પંડિત, પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા) એ તેમના **જિનપ્રભસૂરિ અને સુલતાન મહમ્મદ** નામના પુસ્તકમાં પૃ. ૧૦૦ માં સુકૃતસાગરના આધારે જ જણાવી છે તેથી આ સંબંધમાં પત્રથી પૂછાવતાં તેમણે જણાવ્યું છે કે-મુદ્રિત સુ૦ સા૦ માં એ હકીકત ન હોય તો પણ પાટણના ભંડારની સુકૃતસાગર કાવ્યની હસ્તલિખિત પ્રતિ ઉપરથી સં૦ ૧૬૪૬ માં નવી લખાવેલી **પ્રાચ્યવિદ્યામંદિર**( વડોદરા )ની નં૦૨૯૮૬ની પ્રતિમાં નીચે મુજબ બે શ્લોકો આ સ્થળે છે—

> कामासनसहस्राङ्क ८४ टङ्कानां त्रुटिता गुणाः ।
> दीपो लक्षस्य जज्वाल कर्मस्थाये निशाकृते ॥ १ ॥
> श्रुत्वेत्युदार आदाय लेख्यस्य वहिकां जले ।
> चिक्षेपाऽऽख्यत् तदा[ऽ]मूल्यविहार इति तं जनः ॥ २ ॥

ઉપદેશતરંગિણીમાં પણ આ સંબંધમાં જણાવ્યું છે કે—

**तत्र पूर्वमपमूल्यानां दवरकाणामेव चतुरशीतिसहस्रसंख्या जीर्णटङ्कास्तैरुक्ताः । तदा पेथडेन तदनुमानेनाऽपरबहुद्रव्यव्ययं विचार्य लेख्यवहिका नीरे क्षिप्ता । ततो लोकैरमूल्योऽमूल्योऽयं विहारः । पेथडेनाऽपि प्रतिष्ठावसरे श्रीगुरुपार्श्वादमूलिकविहारेति नाम प्रतिष्ठापितम् ॥**

અર્થ—" આ કાર્યની દેખરેખ માટે રાખેલા વણિકપુત્રો ( વાણોતરો ) એ પહેલાં તો અલ્પમૂલ્યવાળાં દોરડાંઓ ૮૪૦૦૦ ટંકનાં વપરાયાં છે તેમ જણાવ્યું. ત્યારે દોરડાંમાં જ જો આટલો બધો ખર્ચ થયો છે, તો બીજે તો ઘણો જ ખર્ચ થયો હશે એમ અનુમાન કરી ઉદાર પેથડશાહે ખર્ચના હિસાબના ચોપડાને જ પાણીમાં નાંખી દીધો. તેથી લોકોએ તેનું અમૂલ્યવિહાર નામ પાડ્યું. અને પેથડે પણ ગુરુ પાસે પ્રતિષ્ઠાના અવસરે મંદિરનું અમૂલ્યવિહાર નામ રખાવ્યું હતું. "

આ હસ્તલિખિત પ્રતિના તથા ઉપદેશતરંગિણીના ઉલ્લેખો લખી મોકલવા બદલ પં૦ લાલચંદભાઇને ભૂયો ભૂયઃ અભિનંદન અને ધન્યવાદ આપું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાસાદ શોભતો હતો. પ્રતિષ્ઠા વખતે લાખો માણુસો એકઠા થયા હતા. અને સાધર્મિક વાત્સલ્ય, સંઘ-પૂજા-સત્કાર આદિમાં ઘણો મોટો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે મોટી કુશલતાથી અને ઉદારતાથી જિનશાસનની પ્રભાવના કરીને પેથડશાહે દેવગિરિમાં દિવ્ય પ્રાસાદ કરાવ્યો હતો.

( વિસ્તાર માટે જુઓ—સુકૃતસાગર મહાકાવ્ય, તરંગ, ૪. પત્ર ૨૨–૨૭ )

ખંડેર સમાન બની ગયેલા દેવગિરિમાં અત્યારે આ પ્રાસાદ કયાંયે દષ્ટિગોચર થતો નથી. તેમજ રાજા રામના મરણુ પછી આજ સુધી ત્યાં મૂર્તિ–મંદિરવિધ્વંસક ધર્માંધ મુસલમાનોનો જ અમલ રહ્યો હોવાથી તેમના પંજામાંથી છટકીને તે બચી ગયો હોય એવો સંભવ પણુ નથી. જવા લાયક અને જોવા લાયક મુખ્ય સ્થળોએ અમે ફરી આવ્યા હતા, ત્યાં કંઇ જોવામાં આવ્યું ન હતું. માર્ગથી દૂર પડી ગયેલા ખંડેર ભાગમાં કાંટા–કાંકરા અને પથ્થરોના ઢગલા પડેલા હોવાથી જવું શકય પણુ ન હતું, છતાં કોઈને દેવગિરિ જવાનો પ્રસંગ આવે તો જરૂર જઈને આડુંઅવળું ઘૂમીને તપાસ કરે કે તેનાં કોઈ અવશેષો પણુ મળે છે કે નહીં? હજુ તપાસ કરવામાં આવે તે ઇચ્છનીય છે.

ગઢ ઉપર જતાં સડક ઉપર જ જમણા હાથે ૨૧૦ ફુટ ઊંચો અને મૂળમાં ૭૦ ફુટ પરિધિવાળો ચાંદ મિનાર ( બહમની વંશના ૧૦ મા રાજા અલ્લાઉદ્દીન અહમદશાહે સં. ૧૪૯૭ માં બંધાવેલો ) આવે છે. આ મિનાર પાસેના સડક ઉપરના જ એક ભાગમાં ચણી દીધેલા પથ્થરોમાં અરિહંત ભગવાનના કાઉસ્સગ્ગીય પ્રતિમાજી તથા કોતરેલી જિનપ્રતિમાવાળી બારશાખના કેટલાક ટુકડાઓ જોવામાં આવ્યા છે. કેટલાક મકાનોના થાંભલા મંદિરનાં થાંભલા જેવા લાગે છે. આ સિવાય બીજું કંઈ અમારી નજરે પડયું નથી.

શ્રી **સંઘતિલકસૂરિ**જીના આદેશથી શ્રી **વિદ્યાતિલકમુનિ**એ રચેલા **કન્યાનયનીય-મહાવીરકલ્પપરિશેષ**માં જણાવ્યું છે કે ( સં. ૧૩૮૫ થી સં. ૧૩૮૭ આસપાસ ) ‘જિનપ્રભસૂરિએ સાહુ પેથડ, સાહુ સહજા, અને ઠક્કુર અચલે કરાવેલાં ચૈત્યનો ભંગ કરતા મુસ્લિમોને શાહી ફરમાન બતાવીને અટકાવ્યા હતા.’ ( જુઓ સિંધી જૈન ગ્રંથમાલા પ્રકાશિત, વિવિધ તીર્થકલ્પ. પૃ. ૯૫. ) ( ચાલુ )

“પ્રાર્થના એ પ્રભુમય જીવનનો પ્રથમ શ્વાસ છે. ઝંખતા આત્માનો એ હૃદયનો ધબકારો છે, અને કલેશ આપનારા વિચારોથી મુક્ત થયેલ શાંત ચિત્ત એ તેનું ફળ છે. દુ:ખિયા અને મૂંઝાયેલાનો એ સૌથી મોટો વિસામો છે. પ્રાર્થનાથી શક્તિ અનંત, અવર્ણનીય, અદ્વિતીય છે અને કેવળ અનુભવગમ્ય જ છે; તે શ્વાસનું સંગીત છે. પ્રાર્થનાનું બળ જ માનવજાતને બચાવશે, તેનાથી જ સર્વત્ર માણુસોના હૃદયમાં પરિવર્તન થશે.”

—ક. રાઘવાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણિ

## સત્શાસ્ત્ર

શમ સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે અથવા વૈરાગ્યવિશેષ–નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળા પડયે અથવા કંઇપણ પ્રજ્ઞાવિશેષથી સમજવાની યોગ્યતા થયે, જે સદ્ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો છે–ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવાં છે–તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઇ, નિરધારી લઈ, તેવો અંતરભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના, પોતાને વિષે જ્ઞાન કલ્પે છે અને ક્રિયા રહિત તથા શુદ્ધ વ્યવહાર-રહિત થઈ વર્તે છે, એવો પ્રકાર શુષ્ક અધ્યાત્મીનો છે.

આત્મા મુખ્યપણે આત્મસ્વભાવે વર્તે તે 'અધ્યાત્મજ્ઞાન'. મુખ્યપણે જેમાં આત્મા વર્ણવ્યો હોય તે 'અધ્યાત્મશાસ્ત્ર.' અક્ષર અધ્યાત્મીનો (પંડિતોનો) મોક્ષ નથી થતો. જે ગુણો અક્ષરમાં કહ્યાં છે, તે ગુણો જો આત્મામાં પ્રવર્ત્તે તો મોક્ષ થાય. સત્પુરુષમાં ભાવઅધ્યાત્મ પ્રગટ છે. માત્ર વાણી સાંભળવાની ખાતર વચનો સાંભળે, તે શબ્દ અધ્યાત્મી કહેવા. શબ્દ અધ્યાત્મીઓ અધ્યાત્મની વાતો કરે અને મહા-અનર્થકારક પ્રવર્તન કરે.

સર્વ દર્શન પારિણામિક ભાવે મુક્તિનો ઉપદેશ કરે છે એ નિઃસંશય છે, પણ યથાર્થ દૃષ્ટિ થયા વિના સર્વ દર્શનનું તાત્પર્ય–જ્ઞાન હૃદયગત થતું નથી; જે થવા માટે સત્પુરુષોની પ્રશસ્ત ભક્તિ, તેના પાદપંકજ અને ઉપદેશનું અવલંબન નિર્વિકાર જ્ઞાનયોગ–જે એવા સાધનો તે શુદ્ધ ઉપયોગવડે સંમત થવા જોઇએ.

ઘણું કરીને સત્પુરુષને વચને આધ્યાત્મિક શાસ્ત્ર આત્મજ્ઞાનનો હેતુ થાય છે; કેમકે, 'પરમાર્થ આત્મા' શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે.

શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે, અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઇએ.

શાસ્ત્રોના શાસ્ત્રો મુખપાઠે હોય, એવા પુરુષો ઘણા મળી શકે; પરંતુ જેણે થોડા વચનો પર પ્રૌઢ અને વિવેકપૂર્વક વિચાર કરી, શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે.

શાસ્ત્રોના પાનાં ઉપાડવાં અને ભણવાં એમાં કાંઇ અંતર નથી, જો તત્વ ન મળ્યું તો. કારણ કે બેયે બોજો જ ઉપાડ્યો. પાના ઉપાડ્યા તેણે કાયાએ બોજો ઉપાડ્યો, ભણી ગયા તેણે મને બોજો ઉપાડયો. જેને ઘેર આખો લવણસમુદ્ર છે, તે તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી. પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે, તે પોતાની અને કેટલાય બીજાની તૃષા મટાડવા સમર્થ છે. શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરવાનો હેતુ નથી. શાસ્ત્રાભ્યાસ હશે તો કંઇ પાત્ર થવાની જિજ્ઞાસા થશે; અને કાળે કરી પાત્રતા મળશે પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરીએ છીએ.

શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી, પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રન્થકારોની પદ્ધતિ: પૂર્વકાલીન પ્રણેતાદિનો નિર્દેશ

( લે. પ્રૉ. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

સૌ કોઇ દુ:ખનો આત્યંતિક નાશ અને સંપૂર્ણ, સાચા અને શાશ્વત સુખની પ્રાપ્તિ ઇચ્છે છે. આને આપણે 'મુક્તિ' કહીએ છીએ, એ મેળવવા માટે જાતજાતના પરંતુ સાચા અનેક ઉપાયો છે. મોક્ષના અસંખ્ય યોગ છે તેમ ગ્રન્થ રચવાના ઉદ્દેશને ફલીભૂત કરવા માટે વિવિધ શૈલીઓ અનુસરાય છે. વિષયો પણ જાતજાતના પસંદ કરાય છે. આમ હોવાથી રચનાઓમાં વૈવિધ્ય આવે છે.

કેટલાક ગ્રંથકારો એ વાતનો નિર્દેશ કરે છે કે અમે કંઈ અમારી ગાંઠનું કહેતા નથી, પ્રાચીન સમયમાં જે કહેવાયું છે તે જ કહીએ છીએ. વિદ્યાઓ-જ્ઞાન સનાતન છે તો એમાં નૂતન મૌલિકતા માટે અવકાશ જ ક્યાં છે? વસ્તુની સંકલના માટે આકર્ષક અને ઉચિત પદ્ધતિ પૂરતી જ મૌલિકતા હોઈ શકે. આ પ્રકારની વિચારશ્રેણિને અનુસરનારા મૌલિક-તાનો દાવો ન કરે-પૂર્વ પ્રણેતાનું ઋણ સ્વી-કારે અને આગળ વધીને પૂર્વકાલીન પ્રણેતા-ઓના હિસાબે પોતાનામાં કશું પાણી નથી

---

જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમ-સ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યા-ઉપદેશ્યાં છે. તે ઉપદેશ આત્માર્થે છે, અન્ય કોઇ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું તો તે જિનાગમનું શ્રવણ-વાંચન નિષ્ફળરૂપ છે.

આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે તે સર્વ શાસ્ત્રીય અભિનિવેશ છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને. એટલું લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય, તો તે અભિનિવેશ ગણવા યોગ્ય નથી. પરંતુ સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો હોય તે યોગે પણ સ્વચ્છંદતા-નિર્વાહને અર્થે સત્સમાગમ સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે તે જીવને પણ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિ-નિવેશ છે.

સૂત્ર અને સિદ્ધાંત એ બે જુદાં છે. સાચવવા સારુ સિદ્ધાંતો સૂત્રરૂપી પેટીમાં રાખવામાં આવ્યા છે. દેશ-કાળને અનુસરી સૂત્ર રચવામાં એટલે ગૂંથવામાં આવે છે. તે સિદ્ધાંતો ગમે તે કાળમાં ગમે તે ક્ષેત્રમાં ફરતાં નથી. સિદ્ધાંત છે એ પ્રત્યક્ષ છે. જ્ઞાનીના અનુભવ-ગમ્યની બાબત છે. તેમાં અનુમાનપણું કામ આવતું નથી. જેને ગુણાકાર અથવા સરવાળાનું જ્ઞાન થયું છે, તે એમ કહે કે, નવે નવે એકાશી. ત્યાં આગળ જેને સરવાળા અથવા ગુણાકારનું જ્ઞાન થયું નથી, તે અનુમાનથી એમ કહે કે, '૯૮ થતાં હોય તો કેમ ના કહી શકાય?' તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. એ પ્રમાણે સિદ્ધાંત, આવરણના કાર-ણથી ન સમજવામાં આવે, તો પણ તે અસિદ્ધાંતપણાને પામતાં નથી. જ્યાં સુધી અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે અને સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે.

મુનિરાજશ્રી જિજ્ઞાસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સ્પષ્ટપણે કહેવા તૈયાર થાય.

કેટલાકની માન્યતા મુજબ સર્વજ્ઞતા એ અસંભવિત છે. જેઓ પોતાના દેવને 'સર્વજ્ઞ' માને છે અને અન્ય પ્રાણીઓ પણ 'સર્વજ્ઞ' બની શકે એમ માને છે તેઓના મતે કોઇ સર્વજ્ઞે કદી ગ્રન્થ રચ્યો નથી અને કોઇ સર્વજ્ઞ રચશે પણ નહિ. આ ઉપરથી જે કોઇ ગ્રન્થબદ્ધ લખાણ થયું છે અને થશે એના પ્રણેતા છદ્મસ્થ અસર્વજ્ઞ છે.

છદ્મસ્થની કૃતિ એટલે અપૂર્ણતા અને અશુદ્ધિના સંભવવાળી રચના. આમ હોવાથી તો કેટલાક ગ્રંથકારો પ્રારંભમાં પોતાની નબળી કૃતિ નિભાવી લેવા સુજ્ઞ સજ્જનોને વિનવે છે. કેટલાક અંતમાં પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિના નિર્દેશપૂર્વક એમાં યોગ્ય સુધારા કરી લેવાની વિજ્ઞપ્તિ કરે છે.

કેટલાક ગ્રન્થકારો પૂર્વકાલીન પ્રણેતાઓના ગુણોત્કીર્તનનો માર્ગ ગ્રહણ કરે છે અને એ દ્વારા ગુણો પ્રત્યેનો પોતાનો આદર વ્યકત કરે છે અને સાથે સાથે પોતાની લઘુતા પણ પ્રદર્શન કરે છે. પૂર્વકાલીન પ્રણેતાઓનાં નામનો નિર્દેશ કરવાની પદ્ધતિને આપણા ભારતવર્ષના પ્રતિભાશાળી અનેક વિબુધવરો અપનાવે છે. પછી એઓ જૈન હો કે અજૈન હો. **કાદંબરી**ના પ્રણેતા અજૈન **બાણ**ભટ્ટે રચેલા **હર્ષચરિતનો** ઉલ્લેખ કરું છું. એમણે પ્રારંભમાં ત્રીજા પદ્યમાં **વ્યાસ**ને નમસ્કાર કર્યો છે એટલું જ નહિ પણ એમને માટે 'સર્વવિદ્' અને 'કવિવેધસ્' એમ બે ગૌરવશાળી વિશેષણો વાપર્યાં છે. **૧૧મા** પદ્યમાં **વાસવદત્ત** નામની કૃતિનો નિર્દેશ છે, **૧૨મા** પદ્યમાં ભટ્ટાર હરિચન્દ્રના ગદ્યબંધનાં વખાણ છે. ૧૩મા પદ્યમાં **સાતવાહન**નાં સુભાષિતોનો **ગાહાસત્તસઈ**નો ઉલ્લેખ છે. **૧૪મા** પદ્યમાં **પ્રવરસેન** અને એમની કૃતિ **સેતુબંધ( પા. સેઉબંધ )**નો, **૧૫મા** પદ્યમાં **ભાસ**નો અને એમનાં નાટકોનો, **૧૬**મામાં **કાલિદાસ**નો, ૧૭મામાં **બૃહત્કથા**નો ગુણાઢયે "પૈશાચી"માં રચેલી અને આજે નહિ મળતી કૃતિનો અને **૧૮**મામાં **આઢ્યરાજ**નો, નિર્દેશ છે. આમ બાણે સંસ્કૃત કવિઓના તેમજ પાઇય કવિઓનો ઉલ્લેખ માનભેર કર્યો છે. પ્રથમ ઉચ્છ્વાસ(પૃ. ૪૧)માં વાયુવિકાર નામના પાઇય કવિની નોંધ છે. એમણે કઇ કૃતિ પાઇયમાં રચી છે તે જાણવું બાકી રહે છે.

**કાદંબરી**નું સ્મરણ કરાવનારી અને કેટલાકને મતે એના કરતાં ચઢિયાતી કૃતિ **તિલકમંજરી**માં એના કર્તા જૈન **ધન**પાલે અનેક પ્રાચીન કવિઓ અને કૃતિઓનાં નામનો નિર્દેશ કર્યો છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો પ્રારંભમાં શ્લો. **૨૦**માં **વાલ્મીકિ** અને **કાનીન** ( વ્યાસ ), **૨૧** માં **બૃહત્કથા**, ૨૨માં **પ્રવરસેન**, **૨૩**માં **પાદલિપ્તસૂરિ**કૃત **તરંગવતી** (પા. **તરંગવઇ** ), ૨૪માં જીવદેવ અને એમનો પાઇય [1]પ્રબંધ, ૨૫માં **કાલિદાસ**, ૨૬માં **બાણ**, ૨૭માં **બાણ**ની કૃતિઓ નામે **કાદંબરી** અને **હર્ષાખ્યાયિકા**, ૨૮માં **માઘ** અને **ભારવિ**, ૨૯માં સમરાદિત્ય-કથાનક (**સમરાઇચ્ચચરિય**), ૩૦માં ભવભૂતિ, ૩૧માં **વાક્પતિ** અને એમનું કાવ્ય **ગૌડવધ** ( પા. **ગઉડવહ**, ), ૩૨માં **ભદ્રકીર્તિ** અને એમની **તારાગણ** નામની કૃતિ, ૩૩માં **યાયાવર** અને ૩૪માં **મહેન્દ્રસૂરિ** એ પ્રમાણે નામનિર્દેશ છે.

ઉદ્દ્યોતનસૂરિએ જે પાઇયમાં **કુવલયમાલા** રચી છે તે **શકસંવત્** ૭૦૦માં એક દિવસ ઓછો હતો ત્યારે પૂર્ણ કરાઇ હતી. આમ આ કૃતિ **તિલકમંજરી** કરતાં વિશેષ પ્રાચીન છે એમાં **પાદલિપ્ત**, **સાતવાહન**,

---

૧ આ પ્રબંધનું શું નામ છે? એ કોઇ સ્થળે મળે છે ખરો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન જિન સ્તવનમાંહેનું

# દશમા શ્રી વિશાલ જિન સ્તવન

## સ્પષ્ટાર્થ સાથે

સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી

દેવ વિશાલ જિણંદની,
  તમે ધ્યાવો તત્ત્વ સમાધિ રે;
ચિદાનંદ રસ અનુભવી,
  સહજ અકૃત નિરૂપાધિ રે. સ.
અરિહંત પદ વંદીયે ગુણવંત રે,
  ગુણવંત-અનંત મહંત,
    સ્તવો ભવતારણો ભગવંત રે.

**સ્પષ્ટાર્થ**-સાધુ, આચાર્ય, ગણધરો વિગેરેમાં પ્રધાન શિરોમણિ, અનંત દૂષણ રહિત, તથા અનંત આત્મીય ગુણવડે દેદીપ્યમાન મહાવિદેહમાં વિચરતા **શ્રી** વિશાલસ્વામીએ પોતાના આત્મતત્ત્વને એવંભૂત નયે સિદ્ધ પ્રગટ કરીને શુદ્ધાત્મ તત્ત્વજન્ય સમાધિ નિર્વૃત્તિ પ્રાપ્ત કરી છે તે અદ્વિતીય અનુપમ સમાધિને હે ભવ્યાત્માઓ! તમે એકાગ્ર ચિત્તે ધ્યાવો-રાગ દ્વેષાદિ સકલ વિભાવથી આત્મપરિણામને વારી તદનુગત કરો." ચિદાનંદ રસ અનુભવી, કેવલજ્ઞાનવડે ત્રિકાલિક પર્યાયો સહિત સર્વ દ્રવ્યના યુગપત્ પ્રત્યક્ષ દાતા હોવાથી પોતાના આત્મદ્રવ્યને સર્વદા અખંડ અવ્યાબાધ જ્ઞાન-

---

**ષટ્પર્ણક**, ગુણાઢ્ય, **વ્યાસ**, **વાલ્મિકિ**, **બાણ**, **વિમલ**(સૂરિ), **રવિસેન**, **જડિલ**, **દેવગુપ્ત**, **પ્રભંજન** અને હરિભદ્રનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૧૪માં **શ્રીચન્દ્રસૂરિએ** જે **સણંકુમારચરિય** (સં. સનત્કુમાર ચરિત્ર) રચ્યું છે એમાં એમણે પ્રારંભમાં **હરિભદ્રસૂરિ**, મહાકવિ **સિદ્ધ**, **અભયદેવસૂરિ**, **ધનપાલ**, **દેવચન્દ્રસૂરિ** અને 'મલધારી' **હેમચન્દ્રસૂરિની** કૃતિઓનો સાદર ઉલ્લેખ કરી આ ગ્રન્થકારોનું ગુણોત્કીર્તન કર્યું છે.

આમ આ પદ્ધતિ એક સમયે વ્યાપક હતી, એમ લાગે છે. આ પદ્ધતિએ પ્રથમ કાર્ય કરનાર કોણ છે એનો અંતિમ નિર્ણય તો મેં અહીં જેમ ચાર ઉદાહરણો આપ્યાં છે તેવાં બીજાં એકત્રિત કરાઇ રહે ત્યારે અપાય.

પૂર્વકાલીન પ્રણેતાઓ અને તેમની કૃતિનો નિર્દેશ કરવાની જે પદ્ધતિ કેટલાક ગ્રન્થકારોએ અપનાવી છે એથી એક તો આપણને તે તે ગ્રન્થકારોનો કોના તરફ કેવો સદ્ભાવ હતો તે જાણવા મળે છે. બીજું, જેમની કૃતિઓ આજે મળતી નથી એમનાં અને એમની કૃતિના નામ પણ આથી કેટલીકવાર જાણી શકાય છે. આમ લાભ હોવાથી, અહીં જે લઘુ લેખ લખ્યો છે તે વિસ્તૃત બનાવવાની જે ગ્રન્થકારોએ અહીં સૂચવેલી પદ્ધતિ સ્વીકારી હોય તેની સંપૂર્ણ નામાવલી ઈત્યાદિ તૈયાર કરવાની અભિલાષા રાખું છું અને સાથે સાથે આ વિષયના જાણકારોને પોતાનો ફાળો આપવા વિનવું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનાદિ ગુણે સદા પરિપૂર્ણ, કોઇપણ દ્રવ્યને જેને કોઇપણ કાળે બાધા કરી શકે નહિં માટે અબાધિત જુએ છે. તેથી તજ્જન્યમાં નિર્ભયતા, નિરાકુલતા, સ્વાધીનતામય જ્ઞાનાનંદ રસના અનુભવી–આસ્વાદન લેનાર શ્રી વિશાલદેવની તત્ત્વસમાધિ સહજ અર્થાત્ સ્વાભાવિક સર્વ પરદ્રવ્યની અપેક્ષા વગર માત્ર પોતાના જ દ્રવ્યથીજ ઉત્પન્ન તથા અદત્ત પર–દ્રવ્યે જેને ઉત્પન્ન કરી નથી એવી, તથા નિરુપાધિ અર્થાત્ પૌદ્ગલિક વિષયો ભોગવતાં અનેક પ્રકારની શારીરિક તથા માનસિક વ્યાધિઓ ઊપજે છે, પરરમણરૂપ મિથ્યા ચારિત્ર હોવાથી આત્મગુણઘાતક અનેક પ્રકારનાં દુષ્ટ કર્મ બંધાય છે પણ શ્રી વિશાલદેવની સમાધિમાં કોઇ પણ પ્રકારની ઉપાધિનો સદ્ભાવ ઊપજવાનો સંભવ નથી તેથી નિરુપાધિ છે, માટે હે ગુણાનુરાગી ભવ્યજીવો ! નિરુપચરિત નિસ્સંગ નિપ્રયાસિક નિર્દ્વંદ, એકાંતિક, આત્યંતિક અને સ્વતંત્ર સમાધિમય શ્રી વિશાલસ્વામીના અરિહંત પદને આપણો આત્મા નિર્મલ કરી ભવભ્રમણથી મુક્ત થવા નિમિત્તે વંદીયે–તેમાં લીન થઇએ. વલી શ્રી વિશાલસ્વામી કે જે જ્ઞાનાદિ અનંત લક્ષ્મીના સ્વામી તથા જન્મ, જરા, મરણ તથા ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા વિગેરે કષાય અજ્ઞાન–જલથી ભરપૂર આ અપાર પારાવાર ભયંકર ભવ–સમુદ્રથી ઉદ્ધારી અચલ, અવ્યાબાધ, અરૂજ આત્મીય અનંત સુખના સ્થાનક મોક્ષમહેલમાં ધરનાર, સર્વે પ્રાણીઓના અઘાતક, કરુણાસાગર તથા અનંત ગુણના પાત્ર મહાન ધર્માત્મા છે તેને સ્તવો–સ્તુતિ કરો–તેમના ગુણોનું ગાન–સ્મરણ–ચિંતન–અનુભવ કરો.

ભવ ઉપાધિ પદ રાખવા,
પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે,
રત્નત્રયી ઔષધ કરી,
તુમ્હે તાર્યા ભવિજન ઓઘરે તુમ્હે-અરિ૦

સ્પષ્ટાર્થ–મહાન્ દુષ્ટ શત્રુરૂપ કર્મ રાજાના ભવરૂપ કારાગૃહમાં વસતાં અજ્ઞાન, કષાય અને મિથ્યાત્વરૂપ મિથ્યા આહારવિહારના સેવનથી આત્મદ્રવ્યના જ્ઞાનદર્શનાદિ પરિણામો દૂષિત થવાથી આત્માને તીક્ષ્ણ શલ્યતુલ્ય અસહ્ય દુઃખ, કલેશ આપનારા ક્રોધ, માન, માયા, લોભ, શોક, વિયોગ, મિથ્યાત્વ, અજ્ઞાન વગેરે મહાન્, દુર્નિવાર સન્નિપાતિક રોગો ઊપજે છે ને રોગોના પ્રભાવવડે વળી, જ્વર, અતિસાર, જલોદર, કઠોદર, ભગંદર, ક્ષય, કુષ્ઠ, પ્રમેહ, ઉપદંશ, નેત્રરોગ, કર્ણરોગ, મુખરોગ વગેરે અનેક શારીરિક રોગજન્ય વેદનાઓ ભોગવવી પડે છે, પણ હે વિશાલ પ્રભુજી ! આપ જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રની ઐકયતા રૂપ અમૃત ઔષધિનું દાન કરી તે સર્વે સન્નિપાતિક રોગોથી. ભવ્યજીવોના સમૂહને મુક્ત કરી અનંત આત્મવીર્યે ભરપૂર તુષ્ટપુષ્ટ કરી આગામી કોઇપણ કાળે તે રોગ પુનઃ ઉત્પન્ન ન થાય એવા અત્યંત નીરોગી કર્યા માટે હે પ્રભુજી ! આ ભુવનમંત્રત્રયમાં નિઃસંદેહપણે અમોઘ સાચા–સફળ–( જેનો ઉપાય નિષ્ફળ જાય નહિ એવા) વૈદ્ય આપ જ છો.

ભવ સમુદ્રજળ તારવા,
નિર્યામક સમ જિનરાજ રે;
ચરણ જહાજે પામીયે,
અક્ષય શિવનગરનું રાજ રે.–અરિ૦–૩

સ્પષ્ટાર્થ:—રાગરૂપ જળે પરિપૂર્ણ દુસ્તર આ ભયાનક ભવસમુદ્ર કે જેમાં હું અનાદિકાલથી નિરાધારપણે જ્યાં ત્યાં ભ્રમણ કરી દુઃસહ ભય, કલેશ, રોગશોક, વિયોગ, તૃષ્ણા, આક્રંદ વિગેરે અનેક દુઃખો સહન કરું છું. અત્યંત સહજ સમાધિપ્રદ મારિ શુદ્ધાત્મ ભૂમિરૂપ શિવનગરથી અત્યંત દૂરવર્તી વિયોગી થઇ રહ્યો છું. તે ભવસમુદ્રથી પારંગત કરી નિર્વિઘ્નપણે શિવનગરે પહોંચાડવા માટે હે વિશાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ જિનેશ્વર! આપ નિર્યામક અર્થાત્ જહાજના સૌથી અગ્રેસર ચલાવનાર છો માટે જો બીજા સર્વની આકાંક્ષા છોડી આપના સ્વભાવાચરણરૂપ પંચમહાવ્રતરૂપ જહાજનો આશ્રય લઇએ તેમાં અમારા આત્માને સ્થાપન કરીએ તો સહેજે લીલામાત્રમાં નિઃપ્રયાસે આ ભયંકર ભવસમુદ્રથી પારંગત થઇ કોઇપણ રીતે જેનો નાશ ન થાય–સદા શાશ્વત રહેનાર એવું શિવનગરનું નિષ્કંટક રાજ્ય પામી એકાંતિક શાશ્વત સહજ પરમાનંદના સ્વામી થઇએ.

ભવ અટવી અતિ ગહનથી,
પારગ પ્રભુજી સથ્થવાહ રે.
શુદ્ધ માર્ગ દેશકપણે,
યોગ ક્ષેમંકર નાહરે–યોગ૦-અરિ૦ ૪

સ્પષ્ટાર્થઃ—આ ભવરૂપ અટવી, જંગલ કે જેમાં અમારો આક્રંદ, પરિતાપ જોઈ કરુણારસવડે જેનું હૃદય ભીંજે તથા અમારી દયા કરે એવા સદ્ગુરુરૂપ સજ્જનનો સમાગમ અત્યંત દુઃપ્રાપ્ય છે તેથી નિર્જન, તથા જેથી પારંગત થવાનો સાચો સુગમ માર્ગ પામવો અતિશય મુશ્કેલ હોવાથી અત્યંત ગહન ઘોર, તથા જેમાં અમારી જ્ઞાનદર્શનાદિ અમૂલ્ય આત્મસંપદાને લૂંટી લેનાવાળા તીવ્ર અજ્ઞાન, મિથ્યાત્વાદિ દુષ્ટ સ્વભાવના ધારક ગુરુરૂપ લૂંટારાએ વસે છે, તથા અમારા જ્ઞાનદર્શનાદિ આત્મપ્રાણનો ઘાત કરનાર, ક્રોધ, માન, માયા, લોભ વગેરે નિર્દય શ્વાપદો વસે છે એવા ઘોર જંગલમાં ભૂલો પડેલો હું મારા આત્મીય કુટુંબ તથા લક્ષ્મીના વિયોગવડે દયામણી અવસ્થામાં ભય, ત્રાસ, રોગ, શોક, વિયોગ, તૃષ્ણા, આતાપ વિગેરે પરિતાપો સહન કરું છું. શાંતિપ્રદ સંવરરૂપ જળના અભાવવડે અત્યંત તૃષ્ણા કલેશ સહું છું તેથી ભવાટવીથી પારંગત થઈ આત્મલક્ષ્મીવડે પરિપૂર્ણ શિવનગરે દોરી લઈ જનાર આપ જ સમર્થ સાર્થવાહ છો, કારણ કે આપ જ શુદ્ધ–અવિસંવાદ માર્ગના બતાવવાવાળા, કલ્યાણકારી, સિદ્ધપદ યોગના નાથ, માલિક, પ્રણેતા, યથાર્થપણે પ્રગટ કરનાર છો, તથા હે નાથ! આપના મન, વચન અને કાય–એ ત્રણે યોગ ક્ષેમંકર–કલ્યાણકારી, પાપ કલેશથી મુકત કરનાર છે અને સંસારી જીવોએ મન, વચન, કાયા, સ્ત્રી, પુત્ર, ધન, કુટુંબાદિ અનેક યોગ કર્યા તે યોગ બહુવાર વિનાશ થયા–ક્ષેમકુશલ ન રહ્યા પણ પ્રભુજી! શુદ્ધાત્મ અનુભવ યોગ કરાવી શાશ્વતી કેવળજ્ઞાનાદિ લક્ષ્મીનો શિવયોગ કરાવો છો માટે યોગ ક્ષેમંકર છો.

રક્ષક જિન છ કાયના,
વળી મોહ નિવારક વામી રે;
શ્રમણ સંઘ રક્ષક સદા,
તેણે ગોપ ઈસ અભિરામ રે.-તેણે-અરિ૦ ૫

સ્પષ્ટાર્થઃ—જે અજ્ઞાન, વિષય અને કષાયાદિ દોષોથી નિવૃત્ત થયા નથી એવા કુદેવાદિ "અહિંસક" પદને યોગ્ય નથી, કારણ કે તેઓ સર્વ જીવસ્થાન તથા સર્વે જીવોના દ્રવ્યભાવ પ્રાણને તથા દ્રવ્ય ભાવ પ્રાણની હિંસાના હેતુઓને તથા તે હેતુઓના પ્રતિકારને યથાર્થ જાણતા નથી. તથા વિષય કષાયાદિ સહિત હોવાથી પ્રમાદ અવસ્થામાં અનેક જીવના દ્રવ્ય ભાવ પ્રાણને હણીને પરને તથા પોતાના આત્માને દુઃખદાયક થાય છે, પણ હે વિશાલ પ્રભુ! આપ તો અજ્ઞાન, વિષય અને કષાયાદિ દોષોથી સર્વથા નિવૃત્ત હોવાથી પૃથ્વીકાય, અપ્કાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય–એ છ કાયના જીવોના દ્રવ્ય ભાવ પ્રાણના યથાર્થ જ્ઞાતા છો તથા વિષય કષાયાદિ દોષો રહિત હોવાથી નિરંતર અપ્રમાદ અવસ્થામાં અવસ્થિત રહી, કોઈ પણ જીવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યભાવ પ્રાણોને રંચમાત્ર પણ દુભવતા નથી માટે સત્ય ન્યાયે આ ત્રિભુવનમાં "જીવરક્ષક"નું બિરુદ આપને જ લાયક છે.

તથા સ્થિતિબંધ અને રસબંધનો હેતુ સર્વે કર્મનો રાજા તથા સંસારી જીવોને અજિતશત્રુ એવા મોહરૂપ મહાન્ શત્રુથી સંસારી જીવોને બચાવવા માટે તથા તે મોહનો નાશ કરવાનો સાચો ઉપાય બતાવનાર તથા તે ઉપાયમાં પ્રવૃત્ત પ્રેરણા કરનાર એક આપ જ સમર્થ સુભટ છો, તેથી સાચા મોહ-નિવારક પણ આપ જ છો.

તથા અત્યંત દુઃખદાયક ભવાટવીમાંથી નીકળી અત્યંત કલ્યાણકારી મોક્ષનગરે જવાના જિજ્ઞાસુ, મોક્ષ સન્મુખ સાચા માર્ગે ગમન કરનાર ક્રોધ, માન, માયા, લોભ આદિને દૂર કરી સમપરિણામે વર્તનાર જે શ્રમણસમૂહ તેની આપ રક્ષા કરનાર છો, કારણ કે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર મિથ્યાત્વ, કષાય આદિ ચારે લૂટારાઓને બરોબર ઓળખાવનાર તથા તેનો વિઘ્ન નહીં કરી શકે એવા ઉપાયો બતાવનાર તથા આગેવાન થઈ પોતાના અત્યંત બળ વીર્યવડે તેઓને નિર્વિઘ્નપણે મોક્ષ નગરે પહોંચાડનાર હોવાથી હે પરમેશ્વર! આપ જ અદ્વિતીય ગોપ તથા ઈશ્વર છો.

ભાવ અહિંસક પૂર્ણતા,
માહણતા ઉપદેશ રે.
ધર્મ અહિંસક નીપજ્યો,
માહણ જગદીશ વિશેષ રે–માહણ–અરિ૦૬

**સ્પષ્ટાર્થ**:—હે જગદીશ્વર–આપના સર્વે જ્ઞાન, દર્શનાદિ ભાવો પૂર્ણ અહિંસકપણે વર્તે છે તથા સંસારી જીવોને પણ સ્વપર જીવના દ્રવ્ય ભાવ પ્રાણ ન હણવા એવો ઉપદેશ આપો છો. તથા કોઈપણ જીવના દ્રવ્યભાવ પ્રાણની હિંસાના કર્તા ન થાય એવા કેવલજ્ઞાન કેવલ-દર્શનાદિ અનંત ધર્મો સંપૂર્ણ શુદ્ધ પ્રગટ–વ્યક્ત થયા છે તેથી આપ અદ્વિતીય માહણ અહિંસક પદવીના ધારક છો.

પુષ્ટ કારણ અરિહંતજી,
તારક જ્ઞાયક મુનિચંદ રે,
મોચક સર્વ વિભાવથી,
ઝીપાવે મોહ અરીંદરે–અરિ. ૭

**સ્પષ્ટાર્થ**:—સત્તાગતે રહેલા અનંત આત્મધર્મોને સંપૂર્ણ શુદ્ધ પ્રગટ કરવામાં, અર્થાત્ આ સંસારસમુદ્રથી પારંગત થઈ મોક્ષ અવસ્થા પ્રાપ્ત કરવામાં હે વિશાલ પ્રભુ અરિહંત! આપ પુષ્ટ કારણ–અનંતર કારણ છો તેથી સર્વે મુનિઓ જ્ઞાનીઓમાં ચંદ્રમા સમાન પ્રધાન લોકાલોકના જ્ઞાયક આપ જ આ ભયંકર ભવસમુદ્રમાંથી તારનાર છો તથા રાગ, દ્વેષ, મોહ વિગેરે સર્વે વિભાવથી મુક્ત કરવાવાળા તથા સર્વે શત્રુઓમાં શ્રેષ્ઠ અત્યંત બલવાન મોહ શત્રુથી જીતાવવાવાળા છો.

કામકુંભ સુરમણિ પરે,
સહજે ઉપગારી થાય રે;
દેવચંદ્ર સુખકર પ્રભુ,
ગુણગેહ અમોહ અપાય રે ગુ–અરિ૦

**સ્પષ્ટાર્થ**:—જેમ કામકુંભ તથા ચિંતામણી રત્ન, વિના સ્વાર્થે અન્ય નવો જ વાંછિત દાતાર થાય છે તેમજ હે પ્રભુ! આપ પણ સંસારજન્ય સકલ કલેશથી ભવ્ય જીવોને મુક્ત કરવામાં વિના સ્વાર્થે સહજે મદદગાર થાઓ છો. એ આપની પરમ સજ્જનતા સૂચવે છે. દેવચંદ્ર મુનિ કહે છે કે–હે પ્રભુ! આપ નિઃપ્રયાસિક અને નિરૂપમનિત સુખના કરવાવાળા તથા જ્ઞાનાદિ અનંત ગુણના ગેહ—નિધાન છો. તથા પરિવાર સહિત મોહરાજાનો સમૂલધ્વંસ કરી નાખ્યો છે તેથી અમોહી તથા અપાય કહેતાં કપટ રહિત શુદ્ધ સ્વરૂપના પ્રકાશક છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ–કૌશલ્ય.

(૭૧)

## વૃત્તિ–inclinations.

**માણુસ જ્યારે વૃત્તિનો દાસ બને છે ત્યારે તજજન્ય જન્મતા રાગદ્વેષમાં જકડાય છે, રાગદ્વેષ જ દુઃખમૂલક ભવની લોખંડી બેડીઓ છે.**

વૃત્તિઓ માણુસને દાસ બનાવે છે. અમુક વાત ગમે અને અમુક ન ગમે તે વૃત્તિઓ છે. વૃત્તિ પસંદગી અપસંદગીને જન્મ આપે છે. આ અમુક વસ્તુ ગમે, બીજી વસ્તુઓ ન ગમે, તેનું કારણ, ભાવાભાવનું કારણ અને પસંદગી યા ખોટનું કારણ આ રીતે વૃત્તિઓ જ બને છે. એના પર જેને અંકુશ મૂકતાં આવડે તે આ સંસારને જીતી જાય છે. પછી તેને ભાવ, અભાવ કે પસંદગી, અપસંદગીનો અવકાશ રહેતો નથી. પછી તેને સર્વ વસ્તુઓ પ્રત્યે એકાકાર નિઃસારતાનું રહસ્ય સમજાય છે. એના મનથી સર્વ વસ્તુઓ સરખી લાગે છે અને કોઈ તરફ તેને ભાવ કે અભાવ થતો નથી કે પસંદગી અપસંદગી ને આવાં માણુસને અવકાશ રહેતો નથી. એને મનથી સર્વ વાત સરખી જણાય અને મનુષ્ય પ્રેમ તેને પસંદગી, અપસંદગી કરાવતો નથી, માટે વૃત્તિ પર વિજય મેળવવો અતિ જરૂરી છે, એમાં કોઇ પ્રકારની શંકા રહેતી નથી. તેટલા માટે સર્વ પ્રાણીએ વૃત્તિ પર વિજય મેળવવા પ્રયત્ન કરવો. અમુક વાત ગમે છે અને અમુક વાત ગમતી નથી એવી એવી વૃત્તિ રાખવી ન જોઈએ, અને સર્વ વસ્તુને સરખી ગણી એ ભાવ મનુષ્ય તરફ ફેરવવો જોઇએ. એમાં અમુક મનુષ્ય ગમે, અમુક ન ગમે એમ થવું ન જોઈએ. એ ભાવાભાવ અથવા પસંદગી કે વૈર વૃત્તિનો વિરોધી બને છે, અને એ ભાવ પણ કેળવવો જોઇએ. જો કે એ વૃત્તિને અંકુશમાં લેવી ઘણી મુશ્કેલ છે, પણ મુશ્કેલ છે માટે જરૂરી છે, કારણ કે સંસારનો નિકાલ વૃત્તિ પરનો અંકુશ છે.

એ સર્વ કારણ રાગદ્વેષજન્ય છે. એમાં વૃત્તિને દાસ બનાવતાં આવડે તો ભારે કામ થઇ જાય છે, કારણ કે સંસાર એક ઝાડ જેવો છે અને સંસાર વૃક્ષનાં મૂળ કષાયો છે. કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ, સંસારવૃક્ષનાં મૂળમાં ડામ લાગે તેટલા માટે તેને કાપી નાખવો જોઇએ, કારણ કે રાગદ્વેષ એટલે કષાયના અર્થમાં એ શબ્દો વપરાય છે અને કષ એટલે જ સંસાર **તેનો જેનાથી આય એટલે લાભ થાય તે** કષાયો છે. અને તે સંસાર વૃક્ષના મૂળ છે, એટલે વૃત્તિનો અંકુશ કરવો એટલે રાગદ્વેષ પર વિજય થાય છે. અને પરિણુતિમાં જે સંસારનો રસ પડે છે તે અનોખો છે. તે સંસારને ભારે વધારી મૂકે છે તે પર વિજય મેળવવા માટે રાગ દ્વેષ પર વિજય મેળવવાની જરૂર છે, એ વગર એટલે એવા વિજય વગર સંસાર વધતો જ જાય છે અને આ પ્રાણીને સંસારરૂપ બેડીમાં રાખનાર જો કોઈ વસ્તુ હોય તો આ રાગ દ્વેષો જ છે અને રાગદ્વેષને એ ઉત્પન્ન કરનાર છે. રાગદ્વેષ અને ભાવ અને અભાવ અથવા પસંદગી અપસંદગી રાગ દ્વેષ ઉપર આધાર રાખે છે અને રાગદ્વેષ બેડીરૂપ છે અને સંસાર જન્ય છે એમાં તો કોઈ જાતની શંકાને સ્થાન નથી માટે વૃત્તિજન્ય રાગ દ્વેષને છોડો, કારણ સર્વ વાતનો આધાર રાગ દ્વેષ પર છે. તે જેમ સંસારને મુકાવનાર ઔષધ છે, તેમજ સંસારને વધારનાર અને સંસારમાં રાખનાર એ બેડીરૂપ છે. બેડીને તોડવી કે રાખી મૂકવી એ વૃત્તિ પર આધાર રાખે છે.

---

When a man becomes servant of likes and dislikes, he is involved in fascinations and dislikes. These fascinations and dislikes are like a brake of Bhavas and Samsara.

કલ્યાણ (કાર્તિક, ૨૦૦૫) મહાસાગરના મોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દુઃખ-Pain.

### દુઃખ એ મનુષ્યને શિખવનાર મોટો ધર્મગુરુ છે. તેની નીચે આત્માઓ વિકસે છે.

દુનિયાના સર્વ માણસો સુખને ચાહે છે અને તે મેળવવા માટે પ્રયત્ન કરે છે. તે માટે શિક્ષણની જરૂરિયાત રહેતી નથી. **બીજા માણસો તમારી સાથે કેવી રીતે વર્તે છે તે** સુખપ્રાપ્તિનો એક **નિશ્ચિત ઉપાય છે** અને તેને સમજવામાં ઘણાં મનુષ્યો નિષ્ફળ જાય છે. અજંપાનું કરણ બને છે. અજંપાને માણસ **દુઃખમાં માને** છે, પણ તે વાસ્તવિક રીતે દુઃખનું કારણ **સમજતો નથી અને** નકામા વૈરવિરોધ વધાર્યા કરે છે. એમ જોતાં **જણાશે કે દુઃખ એ વસ્તુતઃ દુઃખ નથી,** પણ આભાસ માત્ર છે. દુઃખમાં વધારે દિન-ગરીબ તરફ નજર થાય છે અને તમે જો વાસ્તવિક દુઃખની તારવણી કરવા માંગતા હો તો તમારાથી વધારે દુઃખી માણસને જોશો અને તેનું દુઃખ સમજશો તો તમને તમારું દુઃખ સહન કરવું જરાપણ મુશ્કેલ લાગશે નહિ. તેટલા જ માટે દુઃખમાં વધારે દુઃખી માણસને જોવાનું કહેવામાં આવ્યું છે એ રહસ્ય જે સમજે તેને વાસ્તવિક રીતે દુઃખ ખમવું મુશ્કેલ લાગતું નથી. એ દુઃખને આનંદથી ભોગવી લે છે. અને સર્વથી વધારે લાભ દુઃખ સહન કરનારને એ થાય છે કે એનો આત્મા વધારે વિકાસ પામે છે; એટલે દુઃખમાં વધારે દુઃખીને દેખવા, આંધળાને જોવું, ભાઇ વગરના, બહેન વગરના, ધન વગરના માણસને જોવા, તંદુરસ્તી બાબતમાં નબળા ઉપર નજર રાખવી. એના પરિણામે આત્માવકાસ વધી જશે એ મહાન લાભ છે અને દુઃખ ઊડીને ચોટી જતું નથી એ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે અને ઘણી ગંભીર રીતે વિચાર કરવા લાયક છે. એમાં જે પાછા પડે છે તે દુઃખ સહન કરી શકતા નથી અને નકામી રીતે આત્માનો વિકાસ અટકાવી દે છે.

તેને આ ગ્રંથકાર કહે છે કે તમારી આત્માની પ્રગતિ પણ આ દુઃખ સહન કરવાની તમારી ટેવ પર આધાર રાખે છે, માટે તમારે તમારા આત્માને ઓળખવો અને તેની પ્રગતિ જે રીતે રૂંધાય તેવું કામ કરવું નહિ. અને દુઃખ સહન કરવું એ તો આત્મિક ધર્મ છે. અને તે તમે સારી રીતે જાણો છો તેથી આત્મવિકાસ માટે પણ તમારે દુઃખ સહન કરવું જોઇએ. એમાં કોઇ પ્રકારનો વિસંવાદ નથી, તેથી આત્મવિકાસને સાધ્ય ગણો અને જે રીતે તમારું વર્ચસ તમારા આત્માને લાભકારી જણાતું હોય તે આદરો, **દુઃખને સમતાથી સહન કરવું એ આત્મવિકાસની** એક ચીજ છે, જરૂરી છે. અને તમારા આત્મવિકાસને લાભ કરનારી બાબત છે, માટે તેને તમે આદરો અને જૂઠી આળપંપાળ છોડી દો, અને નાની મોટી બાબતમાં **કકળાટ ન કરો** દુઃખ સહન કરતી વખતે તો આકરું લાગે છે, પણ આત્મવિકાસને અંગે તે જરૂરી છે અને તમને તો સુખ અને દુઃખ બન્નેનો અનુભવ છે. પણ તમારું હિત દુઃખનો પક્ષ કરવામાં જ છે એમ આ ગ્રંથકાર કહે છે અને તમે તેને સમજવા પ્રયત્ન કરો છો એ તમારું લક્ષ્ય છે અને તેને સમજીને એને અનુસરો એમાં તમારું ભૂષણ છે.

ધર્મી માણસ દુઃખથી ગભરાય નહિ, તેમજ નાસી છૂટવાનો પ્રયત્ન કરે નહિ, એ પ્રયત્ન નકામો હોય તેને લાભ નજર કરે માટે જે આવી પડે તેને સહન કરવું તેમાં જ તમારી ભવ્યતા છે. એમ કરવાથી તમને દુઃખની માત્રા લાગશે નહિ અને તમે દુઃખને પણ સુખ તરીકે ભોગવી શકશો, માટે કડ બાંધો અને આવી પડે તેને સહન કરવા તૈયાર થાઓ. **અંતે તમારો વિજય છે એ ખાતરીથી માનજો.**

મૌક્તિક

Pain is the great teacher of mankind. Beneath it souls develop.

Zarie Ehver Eshenbach.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુક્તિ–ઝંખના

( લેખક—શ્રીયુત મફતલાલ સંઘવી. )

અવનિની આબાદી ટકી રહે અંતરની આબાદ દુનિયાથી. જો હોય અંતર આપણું મેલું તો આપણી દુનિયામાં પણ મલિનતા ખદબદવા માંડે. હોય જો આપણા દિલની દુનિયા રંક તો આસપાસની દુનિયામાં પણ આપણને રંક જીવનની પરાકાષ્ઠા સૂચવતાં દશ્યો જ જોવા મળે.

ટૂંકી અને ટચ વાત છે–ઝંખના હોય જે જીવનની તેને જ તમારું જીવન સોંપો.

પ્રાણીશ્રેષ્ઠ માનવની કલ્યાણ મુક્તિથી ઓછી ઝંખના તો ન જ હોય.

માનવકુલની નીતિ–રીતિ તરફ નજર નાખતાં પ્રતીત થાય છે કે આજ એનું સઘળું હૈવત સૃષ્ટિને સંચાના બીબામાં ઢાળવાની દિશામાં ખર્ચાઇ રહ્યું છે અને તેના જ પ્રત્યાઘાતરૂપે જગતમાં અવ્યવસ્થા, અશાંતિ અને અનીતિના જોરદાર પવન ફૂંકાઈ રહ્યા છે.

બળ, વિદ્યા અને લક્ષ્મીનો આજના જેટલો દુરુપયોગ બીજા કોઇ સમયમાં થયો હોય તેવું ઇતિહાસમાં ક્યાંય જોવા મળતું નથી. ખેર, થયું તે થયું. હજુ પણ આપણે આપણો જે સાચો રાહ છે તેના ઉપર અડગપણે ડગલાં ભરી શકીએ તો પણ આવતી કાલનો ઇતિહાસકાર આપણને સમયપારખુ, શાણા પ્રજાજનો તરીકે વર્ણવવામાં શરમ નહિ અનુભવે.

અતલ અંતસ્તલમાંથી જાગે છે ઝંકાર મુક્તિની. પણ બહાર આવતાં વેંત તે દુનિયાના રંગરાગ અને વેરઝેરે જગવેલા કર્કશ અવાજમાં લગભગ લુપ્ત થઇ જાય છે અને આપણે તેની જ શોધમાં ખોયા ખોયા ફરતાં રહી જઇએ છીએ.

ઝંકૃતિરવ મુક્તિનો જ્યાં સુધી સ્થાન ન લે જીવનના પરમ મંગલ ધ્યેયનું, ભાવનાઓ આપણી જ્યાં સુધી તે રવને વધુ સ્પષ્ટ અને ઉર્ધ્વગામી બનવામાં મદદરૂપ ન થાય, ચાલ આપણી જ્યાં સુધી તેની પૂરતી રખેવાળી ન કરે, ઇન્દ્રિયોના મૂળમાં જ્યાં સુધી તેને જ પ્રગટાવવાની અનન્ય ઉત્કટ લગની ન પ્રગટે ત્યાં સુધી મુક્તિરવ અંતરનો મુક્તિના આસમાન સુધી કોઇપણ ઉપાયે ન પ્રસરી શકે.

મન, વચન અને કાયાના ત્રિવેણી સંગમ ઉપર શોભતા શાંતિમંદિરમાં મુક્તિના પરમ ઉજ્જવળ સ્વરૂપને આલિંગવાનું સ્વપ્નું ભરી દેવું જોઇએ કે જેથી હાલતાં–ચાલતાં પણ આપણે આપણા પરમ સ્વરૂપથી વિપરીત દિશામાં પગલાં ભરવાની મોટી ભૂલ ન કરી બેસીએ.

પણ એ એક અચળ નિયમ નથી ભૂલાય એમ: અંદર હશે તેવું જ બહાર વંચાશે.

અને એટલે જ મુક્તિની ઝંખનાવાળાએ કામ–ક્રોધ, રાગ–દ્વેષ, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ વિગેરે સર્વ પ્રકારના પાપોથી મુક્ત થવું પડશે.

આત્મ દિવાકર આડે જ્યાં સુધી તરતું રહેશે નાના–મોટા કર્મનું નાનું–મોટું એક પણ વાદળ ત્યાં સુધી પૂરતો પ્રકાશ નહિ જ પ્રગટે આત્માનો. અને ત્યાં સુધી **મુક્તિ ઝંખના આપણી અપૂર્ણ જ રહેશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

શહેર ભાવનગરમાં

## શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયા સોલીસીટરનું સન્માન.

(૧) તા ૪-૧૨-૪૯ રવિવારના રોજ શ્રીયશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી શ્રીવિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણ ચંદ્રક અર્પણ કરવાનો સમારંભ અત્રેની શ્રી શામળદાસ કોલેજના પ્રોન્સીપાલ શ્રી પ્રતાપરાય મોદીની અધ્યક્ષતામાં થયો હતો. શ્રી. મોતીચંદભાઇની જૈન સમાજની તેમજ સાહિત્યની સેવા અંગેના ભાષણો વિવિધ વકતાઓએ કર્યા બાદ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ઉપયોગિતા તેમજ અનેક જૈન યુવકોને પોતાના અભ્યાસમાં સગવડતા ઉપરાંત અમદાવાદ અને પુના જેવા સ્થળોમાં પણ વિદ્યાલયની શાખાઓ ખોલીને શ્રી મોતીચંદ ભાઇએ જૈન કોમની અગત્યની સેવા બજાવી વિ૦ પ્રવચન થયા બાદ પ્રમુખશ્રીએ સુવર્ણચંદ્રક શ્રી મોતીચંદભાઇને એનાયત કર્યો હતો.

(૨) તા. ૧૫-૧૨-૪૯નાં રોજ શ્રી ભાવનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી સમવસરણનાં વંડે વિશાળ શમીયાનામાં શ્રીયુત મોતીચંદભાઇને તેમની જૈન કોમની સેવાઓ માટે ચાંદીના કાસ્કેટમાં માનપત્ર એનાયત કરવાનો મેલાવડો સૌરાષ્ટ્ર હાઇકોર્ટનાં ચીફ જસ્ટીસ શ્રી હરિસિદ્ધભાઇ દીવેટીયાની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. તે વખતે, શ્રી જૈન સંઘનાં આગેવાન ગૃહસ્થો ઉપરાંત સરકારી અમલદારો, અને વિવિધ કેળવણીની સંસ્થાનાં આગેવાનોએ પણ હાજરી આપી હતી. શ્રી દીવેટીયા સાહેબે પોતાનો અનુભવ રજુ કરતાં જણાવ્યું હતું કે-જૈન ધર્મ પ્રાચીન છે, વગેરે બાબતો પર વિવેચન કરી શ્રી મોતીચંદ ભાઇએ જે સાહિત્યની અને જૈન કોમની અને સાથેસાથે રાષ્ટ્રસેવા બજાવી છે તે પ્રશંસનીય છે. અન્ય વકતાઓનાં વિવેચનો થયા બાદ કાસ્કેટ અને માનપત્ર પ્રમુખ સાહેબનાં હાથે અર્પણ કરવામાં આવ્યા હતા.

---

### આભાર

શેઠ દોલતરામ જૈની નોહર( બીકાનેર )વાલા તરફથી શ્રી આત્માનંદ પ્રકાશને સહાય માટે રૂ. ૨૦-૮-૦ મળ્યા છે, જેનો સહર્ષ સ્વીકાર કરીએ છીએ. અને વગર પ્રયાસે મળેલ સહાય માટે તેમનો સભા આભાર માને છે.

---

## આ સભાના સાહિત્ય પ્રકાશન અને સેવા માટે અભિપ્રાયો.

અમદાવાદ તા. ૨૪-૧૨-૪૯.

**સુશ્રાવક દેવગુરૂ ભક્તિકારક સાહિત્યપ્રિય શ્રીયુત વલ્લભદાસભાઇ યોગ્ય.**

**લી. મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીના ધર્મલાભ.**

સભાની સાહિત્ય સેવા અપૂર્વ છે. તમે ખૂબ જ પ્રયત્ન કરી આ વૃદ્ધાવસ્થામાં નવા નવા ગ્રંથો અને ભાષાંતરો બહાર પાડો છો તે ઉત્તમ છે. તેમાં વળી સાંભળ્યું તમે સીત્તેર પૂરાં કર્યાં. ખરી રીતે તો સીત્તેર કાંઇ વધુ નથી પરંતુ આ અવસ્થાએ યુવાનની જેમ ઉત્સાહથી કામ કરી તમે સભાને જે વેગ અને ઉત્સાહ આપી રહ્યા છો તે માટે અભિનંદનને પાત્ર છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી પાટણની વિરાટ સભામાં સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનું પ્રવચન

### "ગરીબ-દુઃખીઓની સેવા ઇશ્વરપ્રાપ્તિનો સાચો માર્ગ છે"—

તા. ૫-૧૨-૪૯ નાં રોજ શ્રી પાટણ મુકામે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભાનાં આશ્રયે મળેલ વિરાટ સભામાં સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે ઉપરનાં મનનીય શબ્દો શ્રોતાઓ સમક્ષ બોલતાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આટલા બધા વિદ્વાનો અને આચાર્યોએ આપણને આ વિષય ઉપર પૂરતો ઉપદેશ આપ્યો હોવા છતાં હજુ જીવનવિકાસનો પ્રશ્ન સામે ઊભેલો જ છે. આજે અવિરત ક્રાન્તિને આરે આવીને આખું વિશ્વ આપણી સામે આવીને ઊભું છે. સાંપ્રદાયિક, ધાર્મિક અને રાજકીય વિચારો આપણને કચડી રહ્યા છે. છતાં હજુ આપણે બધાય ત્યારે વ્યાપાર સંસારમાં પડ્યા છીએ. આપણું જ્ઞાન અતિ છીછરું છે. ભારતમાં અસંખ્ય પ્રમાણમાં સાહિત્ય લખાયેલું હોવા છતાં તે બહુ જ ઓછું છે. સાહિત્યક્ષેત્રમાં આપણે કેટલા બધા પછાત છીયે?

સામાજિક, ધાર્મિક અને રાજકીય વિષમતાઓ આપણી વચ્ચે ઊભેલી છે. તે ટાળવા માટે આપણે જ્ઞાન, સાહિત્ય તરફ રસ પેદા કરવો જોઇએ. પ્રાચીન વખતમાં અનેક ધર્મો અને સંપ્રદાયો હોવા છતાં તેઓ એક બીજા સાથે હળીમળી રહી શકતા હતા, એક બીજાને પચાવી શકતા હતા. આજે એથી વિપરીત દશા છે. પ્રજા જીવનમાં તે સંસ્કાર અને કર્તવ્યપરાયણતા નહિં હોય, પ્રજા અને રાજા વચ્ચેનો સહકાર નહિં હોય તો સરકાર ગમે તેટલા કાયદા કરશે તે સર્વ નિષ્ફળ જવાના. આપણી સામે જ્યારે જ્યારે ધાર્મિક, રાજદ્વારી કે સાંપ્રદાયિક પ્રશ્નો આવીને ખડા થાય છે ત્યારે ત્યારે આપણે ખળભળી ઊઠીએ છીએ પણ કોઇ ચોક્કસ નિર્ણય લઇ શકતા નથી. આ એક મહાન ત્રુટી છે. નિર્ણય કરવાની તાકાત આપણામાં નથી.

આપણને જે વસ્તુ જોઇએ છીએ તે આપણે પૈસાથી પેદા કરવા માંગીએ છીએ. આત્મભોગ આપવાની આપણામાં તાકાત નથી. ભારતમાં થઇ ગયેલા વિદ્વાનો અને મહર્ષિઓ કાંઇ પૈસાથી પાકયા નથી. આ યુગમાં કેવળ પૈસાથી કાંઇ બની શકતું નથી, પણ આત્મભોગથી જ બની શકે છે. પ્રાચીન રાજવીઓનાં ચરિત્રો ઉજ્વળ હતાં. આજના તેમનાં ચરિત્રો આપણને વિચાર કરતા કરી મૂકે છે.

આજે સૌ પોતે પોતાની સંસ્કૃતિમાંથી ખસીને ગમે તે સંસ્કૃતિમાં આવી પડે છે. પ્રાચીન વખતમાં બ્રાહ્મણો મહર્ષિઓ ન્યાય અને શિક્ષા કરતા હતા ચારે વર્ણમાં તેઓ ઉચ્ચ ગણાતા હતા. પણ તેમનામાંથી નૈતિકપણું ચાલ્યા જતાં તેઓના ઉપર ક્ષત્રિયોનું વર્ચસ્વ જામ્યું, રાજાઓ પોતાનો ધર્મ ભૂલ્યા, મોજશોખી બન્યાં અને તેઓનાં ઉપર ધનવાનોનું વર્ચસ જામ્યું. ધનવાનો( વૈશ્યો )માં સત્તા અને લોભ એટલા વધ્યા કે તેઓના ઉપર આજે શુદ્રોનું વર્ચસ્વ જામવા લાગ્યું છે. આજે દુનિયામાં શુદ્રોની સંસ્કૃતી જીવતી રહે છે. લોભવૃત્તિ સિવાય બીજી કોઇ વૃત્તિ કામ કરતી નથી. આજે રાજાઓ આપણા દેખતાં ભુંસાઇ રહ્યા છે, કારણ તેઓની લોભવૃત્તિ છે. વૈશ્યોને પોતાની સંસ્કૃતિ નહિં સાચવે તો તેઓ ટૂંક વખતમાં જ ભુંસાઇ જશે. અને આપણું નૈતિક જીવન સુધારવાની ખાસ જરૂર છે. તે સિવાય આપણને મળેલી સ્વતંત્રતા-આઝાદીનો ખરો લાભ આપણને મળવાનો નથી.

પ્રાચીન સાહિત્ય આપણી જીવન સંસ્કૃતિ વિકસાવવા માટે ખાસ જરૂરી છે. જે પ્રજાને પોતાના જીવનનો વિકાસ સાધવો છે તેને જો પ્રાચીન સંસ્કૃતિનું ભાન નહી હોય તો તે કાંઇ પણ મેળવી શકે નહિં. આપણી સંતતિને ચારિત્રવાન અને સંસ્કારી બનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના સ્વર્ગારોહણ નિમિત્તે જામનગરમાં થયેલાં ધાર્મિક કાર્યો.

શાસનસમ્રાટ્ ભારતની ભવ્ય વિભૂતિ જગદ્‌ગુરુ મહાન્ જૈનાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીજીના સ્વર્ગવાસના સમાચાર જામનગરખાતે પહોંચતાં, તેઓશ્રીજીના પટ્ટાલંકાર પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. સા., તથા તેમના વિદ્વાન્ શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી દક્ષવિજયજી મ. શ્રી તથા પ્રશિષ્ય વિદ્વાન્ મુનિવર્ય શ્રી સુશીલવિજયજી મ. આદિ મુનિમંડળ સમેત સંઘને સખત આઘાત લાગવા સાથે અપાર દુઃખ થયું હતું, નૂતન વર્ષારંભની પ્રભાતે ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ દેવવંદન કર્યું હતું. અને પૂ. મુ. શ્રી દક્ષવિજયજી મ. શ્રીએ દર્દભર્યા હૃદયે સ્વ. સૂરીશ્વરજીના જીવનનો ટૂંક પરિચય, સમાજ ઉપરના અપાર ને અવિસ્મરણીય ઉપકારોનું દિગ્સૂચન કરાવી, શ્રી સંઘને અઠ્ઠાઇઓચ્છવ અને શાંતિસ્નાત્ર કરવાની પ્રેરણા કરી હતી.

બાદ કાર્તિક શુદ પાંચમે એટલે કે જ્ઞાનપંચમીના રોજ દેવબાગના વિશાળ ચોકમાં સ્વ. સૂરીશ્વરજીના સ્વર્ગારોહણ અંગે વિરાટ શોકસભા અત્રે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં ભરવામાં આવી હતી. શરૂઆતમાં પૂ. આચાર્યશ્રીજીના મંગળાચરણ બાદ બાળાઓએ દેવગુર્વષ્ટકદ્વારા સ્વ. સૂરીશ્વરજીની સ્તુતિ કરી હતી. ત્યારબાદ માજી મેજીસ્ટ્રેટ સાંકળચંદભાઇ, વકીલ જમનાદાસભાઇ, માધવજીભાઇ, ખુશાલભાઇ તથા અચ્છાબાબા પ્રમુખ વક્તાઓએ સ્વ. સૂરીશ્વરજીના વિશિષ્ટ જીવનની વિશિષ્ટતાઓને વિવિધરીતે યાદ કરી કરીને સાશ્રુનયને શ્રદ્ધાંજલી સમર્પી હતી. બાદ પૂજ્ય મુનિરાજ શ્રી દક્ષવિજયજી મહારાજશ્રીએ ગદ્‌ગદ્ કંઠે સ્વ. સૂરીશ્વરજીનો પોતાના ઉપરનો મહાન ઉપકાર, જગત ઉપર કરેલા મહાન્ ઉપકારો, જિંદગીના જોખમે પણ કરેલા તીર્થોના ઉદ્ધારો, જૈન જગતને સમર્પેલા સ્વ. સૂરીશ્વરજી બુદ્ધિનિધાન, અખંડ બ્રહ્મ તેજોમૂર્તિ, અનેક રાજા-મહારાજાઓના પ્રતિબોધક, અનેક વિદ્વાનોના ઉત્પાદક, પોષક આર્યસંસ્કૃતિના પ્રચારક, ન્યાય વ્યાકરણ સાહિત્ય તેમજ ષટ્‌દર્શનના જ્ઞાતા, આગમના પારગામી, મહાપ્રતાપી પુરુષ હતા. આજે તેઓશ્રીના જવાથી જૈન જૈનેતર જગતને એક ન પૂરી શકાય એવી મહાન ખોટ આવી પડી છે. પ્રાંતે શાંતિસ્નાત્ર ને અઠ્ઠાઇઓચ્છવ કરવાનો નિર્ણય થતાં સારો ફાળો થયો હતો. અને વિશાશ્રીમાળી જ્ઞાતિના શેઠશ્રી પ્રભારામભાઇએ પોતાના તરફથી સ્વ. સૂરીશ્વરજીના સ્વર્ગવાસ નિમિત્તે શેઠને દેરે કાયમી આંગી માટે રકમ મૂકવાનું તથા પાંચ વર્ષ સુધી દર બેસતે મહિને સ્નાત્ર ભણાવવાનું જાહેર કર્યું હતું.

## શાંતિસ્નાત્ર, ૧૧ જિનબિંબોની પ્રતિષ્ઠા, મૂળનાયકજી સહિત ૪૦ મોટા પટ્ટોના અભિષેકો, સમવસરણની ભવ્ય રચના ને જીવદયાનો ફાળો.

શેઠ રાયસી શાહે બંધાવેલા શ્રી શાંતિનાથજીના દેરાસરમાં ઓચ્છવ મંડાણો હતો, વિજય મુહૂર્તે કુંભસ્થાપના થઇ હતી. દરરોજ વિવિધ પ્રકારની પૂજા, અઢાર અભિષેકની ક્રિયાઓ, નવગ્રહાદિ પૂજન અને છેવટ ૪૦ અભિષેકની ક્રિયા, જિનપ્રતિમાની પ્રતિષ્ઠા અને છેવટે માગશર શુદ ૨ ના રોજ શાંતિસ્નાત્ર ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવ્યું હતું.

પૂ. આ. દેવ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. આદિ ઠાણાં માગશર વદ એકમે અહિંથી વિહાર કરી કદંબગિરિ તરફ પધારશે.

## વિહાર.

પૂ. પા. શ્રી યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ પોતાની શિષ્યપ્રશિષ્યાદિ મુનિમંડળી સહિત સાદડીથી કા. વ. એકમે વિહાર કરી શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણકપુર તીર્થની યાત્રાર્થે પધાર્યા હતા. ત્યાંથી સાદડી પધારી કા. વ. છઠે વિહાર કરી મુંડારા, આઠમે લાઠરા, લુણાવા પધાર્યા. બારસે સેવાડી થઇ ચૌદશે વિજાપુર પધાર્યા.

દરેક ગામના શ્રી સંઘોએ આચાર્યશ્રીજીનું અપૂર્વ સ્વાગત કર્યું હતું. સંક્રાન્તી લુણાવામાં કરવામાં આવેલ. રથયાત્રાનો વરઘોડો સમારોહથી કાઢવામાં આવેલ હતો. ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આજેજ શુભ મુહૂર્તમાં વિજાપુરના દહેરાસરમાં અને શ્રી રાતા મહાવીરજી એમ બંને સ્થળોએ કુંભસ્થાપના કરવામાં આવેલ હતી. ત્યાં આચાર્યશ્રીજીએ પોતાના શુભ હસ્તે વાસક્ષેપ કર્યો અને રાતા મહાવીરજીને વાસક્ષેપ પંન્યાસજી સમુદ્રવિજયજી અને પંન્યાસ પૂર્ણાનંદવિજયજીએ કર્યો હતો. આજથી અંજનશલાકા અને પ્રતિષ્ઠાના વિધિવિધાન શરૂ થયાં.

નવગ્રહપૂજનાદિ વિધિવિધાન કરાવવામાં આવ્યાં અને પંચકલ્યાણકો વગેરેના વરઘોડાઓ સમારોહથી કાઢવામાં આવ્યા.

માગશર સુદિ ૬ ઠે વિજાપુરના શ્રી મહાવીરસ્વામીજી અને ચાંદી વગેરેની ભવ્ય પ્રતિમાઓની સોએકની અંજનશલાકા આચાર્યજીના વરદ હસ્તે શ્રી રાતા મહાવીરજીનાદ હેરાસરમાં પ્રતિષ્ઠિત પ્રતિમાઓ આદિની તેમજ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) મહારાજની પ્રતિકૃતિની આચાર્યશ્રીના શુભ હસ્તે તેજ દિવસે પ્રતિષ્ઠા થઈ માગશર સુદ દશમે વિજાપુરના દહેરાસરમાં શ્રી સંભવનાથજી અને શ્રી ચંદ્રપ્રભુજીની આચાર્યશ્રીજીના વરદ હસ્તથી અને રાતા મહાવીરજીની ભોંયરામાં શ્રી મહાવીરસ્વામીજીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી, વાસક્ષેપ પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજે કર્યો હતો.

નવમીએ સાદડી, લાઠારા અને બેડા ત્રણ ગામોના શ્રીયુત **રતનચંદજી, શ્રીચંદજી** અને **શિવચંદજીનો** દીક્ષાનો વરઘોડો રતનચંદજીના બંધુઓ દાનમલજી, પુખરાજજી, મોહનલાલજીના તરફથી ધામધૂમપૂર્વક ચઢાવવામાં આવ્યો હતો.

દશમે ગામ બહાર વટવૃક્ષ નીચે હજારોની મેદની અને તેઓશ્રીના સગાસંબંધીઓ વચ્ચે આ ત્રણે ભાગ્યવાનોને આચાર્યશ્રીજીએ ભાગવતી દીક્ષા પ્રદાન કરી મુનિ શ્રી **ન્યાયવિજય, પ્રીતિવિજય** અને **હેમવિજયજી**ના નામોથી જાહેર કર્યા અને પંન્યાસ સમુદ્રવિજયજી, આચાર્યશ્રી વિજયવિદ્યાસૂરિજી, પંન્યાસ પૂર્ણાનંદવિજયજીના શિષ્યો તરિકે પ્રસિદ્ધ કર્યા પછી ધામધૂમ સહિત શહેરમાં પધાર્યા.

બીજાપુરના શ્રીસંઘે અજબ ઉત્સાહ તથા ઉદારતાપૂર્વક બંને મહોત્સવ કર્યાં.

મ. સુ. બારસે આચાર્યશ્રી આબૂ તરફ વિહાર કરવાના હતા, પરંતુ વિજાપુરના ઠાકોર સાહેબ દેવીસિંહજી આદિની આગ્રહભરી વિનંતીને માન આપી તેરસે વાજતેગાજતે રાવળા( રાજમહેલ )માં પધારી જાહેર વ્યાખ્યાન આપ્યું હતું.

પછી ઠાકોર સાહેબે આચાર્યશ્રીજીને ચાદર, કામળી વહોરાવી, વાસક્ષેપ લઇ આચાર્યશ્રીજીને ધર્મગુરુ તરીકે સ્વીકાર્યા.

આચાર્યશ્રીજીના સદુપદેશથી કા. વ. ૧૪ થી મ. સુદિ ૧૦ સુધી પોતાના તાબાના ગામોમાં જીવદયા પળાવી હતી. ( જીવહિંસા બંધ કરાવી હતી ) અને દર વર્ષે મ. સુ. ૬ અને દશમીએ જીવદયા પળાવવા જાહેર કર્યું હતું.

દિવસના ત્રણ વાગે આચાર્યશ્રીજી આદિએ શ્રી સિદ્ધાચલજી તરફ વિહાર કર્યો. લગભગ દોઢેક માઇલ પધાર્યા હશે ત્યાં એક મોટર આવી એમાંથી ગોડવાડના શેઠ મુળચંદજી રાઠોડ આદિ આગેવાનો ઊતરી પૂ. પા. શ્રી આચાર્યશ્રીજીના ચરણકમલો પકડી વિનંતી કરી કે–સાહેબજી અમોએ અખિલ ભારતવર્ષ જૈન કોન્ફરન્સ ભરવાનું નક્કી કર્યું છે. આપ ત્યાં પધારો. ઇત્યાદિ દયાલુ ગુરુદેવે એઓની વિનંતી સ્વીકારી પોષ દશમીના મેળા ઉપર વરકાણા પધારવા વિહાર લંબાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મારવાડમાં જાગૃતિ.

પૂ. પા. શ્રી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજ આદિ સપરિવાર ગોડવાડના આગેવાનોની અત્યાગ્રહભરી વિનંતીથી મ. વ. નવમીએ શ્રી વરકાણાતીર્થે પધાર્યા. પંજાબ, મારવાડ, આદિ દેશ-દેશાવરના ભાવિકોએ સુંદર સ્વાગત કર્યું.

પોષ દશમીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જન્મ કલ્યાણક આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવ્યું. ભજનો, ભાષણો આદિ થયા અને પૂજા, વરઘોડો આદિ કાર્યો થયાં. આજે સંક્રાન્તી હોવાથી આચાર્યશ્રીજીએ માંગલિક સ્તોત્ર શ્રવણ કરાવી પોષ સંક્રાન્તીનું નામ સંભળાવ્યું. પ્રતિવર્ષે અત્રે પોષ દશમીનો મેળો ભરાય છે. જૈન જૈનેતરો હજારોની સંખ્યામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના દર્શનનો લાભ લે છે આ વર્ષે પણ ખૂબ ઠાઠથી મેળો ભરાયો હતો.

ગોડવાડના આગેવાનોએ પોષ સુદિ પુનમ અને પ્રતિપદા શ્રી ગોડવાડ પ્રાન્તીય ઓસવાલ સંમેલન વરકાણા તીર્થ પર ભરવાનું નક્કી કર્યું છે અને અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ મહા સુદિમાં ફાલના મુકામે ભરવાનું નિશ્ચિત કર્યું છે.

મ. વ. તેરસે મુંબઇના આગેવાન શેઠિયાઓનું ડેપ્યુટેશન આવતું ચોમાસું મુંબઇ કરવા અને બીજી આંખનું ઓપરેશન મુંબઇ જ કરાવવા આચાર્યશ્રીજીને વિનંતી કરવા આવ્યું. અને આચાર્યશ્રીજી આદિને આગ્રહભરી વિનંતી કરી, પરંતુ લાંબો રસ્તો હોવાથી જે બને તે ખરૂં. જેવી ક્ષેત્રસ્પર્શના.

મહા સુદિ સુધી આચાર્યશ્રીજીનું ગોડવાડ પ્રાન્તમાં વિચરવાનું થાશે. આગેવાનો પોતપોતાના ગામમાં પધારવા આગ્રહભરી વિનંતીઓ કરી રહ્યા છે.

---

મહાન વિભૂતિ પરમ ઉપકાર આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ઉપકાર કરતાં કરતાં સાદરીથી વિહાર કરી બીજાપુર-મારવાડમાં પ્રતિષ્ઠા અંજનશલાકા વગેરે માંગલિક કાર્યો કરી શ્રી પવિત્ર શત્રુંજય તીર્થની યાત્રા કરવા માટે સતત્ વિહાર કરવો શરૂ કર્યો, સૌરાષ્ટ્રની જૈન પ્રજા કૃપાળુ આચાર્યશ્રીના દર્શન, ઉપદેશ માટેની આનંદપૂર્વક આકાંક્ષા સેવતી હતી, પરંતુ ભાવિભાવ બળવાન હોવાથી વરકાણા મુકામે મારવાડના જૈન બંધુઓની શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોન્ફરન્સને પોતાને આંગણે બોલાવી સચેતન કરવાની ઇચ્છા થતાં, આચાર્ય મહારાજને ઘણા જ આગ્રહપૂર્વક વિનંતિ કરી ફાલના કોન્ફરન્સના અધિવેશન ઉપર સ્થિરતા કરવા, તેને આશિર્વાદપૂર્વક સચેતન કરવા આચાર્ય મહારાજે જરૂરીવાત સ્વીકારી અને આ કાર્ય પણ સકલ જૈન સમાજ માટે અતિમહત્ત્વનું હોવાથી તેઓ સાહેબના શુભ પ્રયત્ને કોન્ફરન્સનું ૧૭ મું અધિવેશન તા. ૨-૨-૫૦ ના રોજ ભરવાનું નક્કી થયું છે, તે વખતે આચાર્યદેવનો આશિર્વાદ અને શુભ પ્રયત્ન, અને હાજરીવડે જૈન કોન્ફરન્સનું આ અધિવેશન સફળ થશે. તે સચેત થઇ શાસનપ્રભાવક બનો એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

( સભા. )

---

## સાભાર-સ્વીકાર.

નીચેનાં પુસ્તકો સભાને ભેટ મળ્યા છે. તે આભાર સાથે સ્વીકારીયે છીએ.

૧. **श्री पाक्षिक सत्रम्** -(પ્રતાકારે) આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજી તરફથી.

૨. **सिरि जंबूसामि चरितं**:-(પ્રાકૃત) શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત ગ્રંથમાળા ગ્રંથાંક ૧૬ પ્રકાશક તરફથી.

૩. **श्री पयन्ना संग्रहः**-(સાર્થ) પ્રકાશક શેઠ ઝવેરચંદ રામાજી. નવસારી.

૪. હરિહેમ પુષ્પમાળા સ્તવનાદિ સંગ્રહ:-પ્રકાશક સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ પાલીતાણા.

ઉપરનાં નં. ૩ નં. ૪ નાં પુસ્તકો મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ મારફતે ભેટ મળ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આગલા અંકોમાં જણાવ્યા પ્રમાણે ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

---

શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ, શ્રી વસુદેવ હિંડી ભાષાંતર, શ્રી શાંતિનાથ ચરિત્ર અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર જેવા ગ્રંથો સં. ૨૦૦૩-૨૦૦૪-૨૦૦૫ એ ત્રણ વર્ષોમાં રૂ. ૪૫) ના ભેટ આપવામાં આવ્યા છે અનેક પ્રશંસાના પત્રો સભાને મળ્યા છે. વળી :—

## અમોને પુછવામાં આવે છે કે :—

### આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ?

### સ્થિતિ સંપન્ન જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું:—

આ સભાનો પ્રમાણિક વહીવટ, દર વર્ષે રિપોર્ટ સરવૈયું વગેરેનું પ્રકાશન, સદ્ધર જામીનગીરીમાં નાણાનું રોકાણ અને ગયા અંકોમાં જણાવ્યા પ્રમાણે ગયા ત્રણ વર્ષોમાં રૂ. ૪૫) ના પુસ્તકો (જે આત્મકલ્યાણના ઇચ્છુકને તે રીતે,-આર્થિક લાભની દૃષ્ટિવાળાને તે રીતે) અને દર વર્ષે પેટ્રન, તથા લાઇફ મેમ્બરોને પૂર્વાચાર્ય મહારાજકૃત મહાપુરૂષો અને સ્ત્રી રત્નોના સચિત્ર સુંદર આકર્ષક મ્હોટા ગ્રંથોના ભેટનો લાભ પુષ્કળ રીતે જ આ સભા ઉદારતાથી આપે છે. તેજ રીતે આ સંવત ૨૦૦૬ની સાલમાં નીચે લખેલા ચાર ગ્રંથો ૧ **શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર, ૨ **જ્ઞાનપ્રદીપ** ભાગ બીજો, ૩ **આદર્શ જૈન સ્ત્રીરત્નો** ભાગ બીજો અને ૪ **જૈનમતનું સંક્ષિપ્ત** સ્વરૂપ પણ મનન કરવા જેવું એ ચાર ગ્રંથો નવા થનાર લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવાના છે. (બાઇન્ડીંગ થાય છે. જૈન બ્હેનો-બંધુઓએ ગુરૂ અને સાહિત્ય-જ્ઞાનભક્તિનો પણ સાથે જ લાભ લાઇફ મેમ્બર થઇ લેવાનો છે.)

વાંચો તે ગ્રંથોની નીચે મુજબ જાહેર ખબર—

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિકયચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજયનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇન્ડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂ. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકેએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નું પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદ્ઉપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં તેજ વિદ્વાન આચાર્યની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં પ્રકાશન થતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે. ( બાઇન્ડીંગ થાય છે. )

---

## ૩ આદર્શ જૈન સ્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી જુદી જુદી આદર્શ ( જૈન સ્રીરત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, આદર્શ સ્રી-ગૃહિણી અને પવિત્ર સ્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું. ( બંને ગ્રંથોના ફોર્મ ૩૭ પાના ૫૯૨ શુમારે )

---

## ૪ જૈન મતનું સ્વરૂપ.

લેખક—સદ્ગત ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ. ( સરલ હિંદી ભાષામાં )

શ્રી વિજયાનંદસૂરિ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ પ્રકાશન ( નં. ૨ અને શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા નાં. ૨૫ )

આ ગ્રંથના લેખક મહાનવિભૂતિની છે. આ ગ્રંથમાં સંક્ષિપ્તમાં નવતત્ત્વો, ષડ્દર્શન, કર્મોનું સ્વરૂપ, સાધુ ગૃહસ્થોના ધર્મોવ્રત સ્વરૂપ, દિનકર્ત્તવ્ય વગેરેનું સ્વરૂપ આપવામાં આવેલ છે. જે પ્રાથમિક જ્ઞાન માટે ઉપયોગી પુસ્તીકા છે. તે બુકો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજે મોકલી છે તે માટે આભાર માનવામાં આવે છે.

---

**આવતી ૨૦૦૭ની સાલ માટે લાઇફ મેમ્બરોને નવા ગ્રંથો નીચે લખેલાં સચિત્ર જે છપાય છે તે ભેટ આપવામાં આવશે.**

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર

૨ શ્રી દેવભદ્રાચાર્યરચિત શ્રી કથારત્નકોષ પ્રથમ ભાગ જેમાં ( સમ્યકૃત્વનું વિસ્તૃત સ્વરૂપ દરેક બોલ ઉપર સુંદર કથાઓ સહિત. )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only